# રૂહાનીયત અને સ્વપ્નાઓનો અભ્યાસ

: લેખક :

અલ્લામા નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઈ

: અનુવાદક :

અકબર હબીબ રાજન

: પ્રકાશક :

ખાનએ હિકમત-ઈદારાએ 'આરિફ'

# બરકતવાળું ઘર

(એડવાઈઝર) સલાહકાર ગુલશકર ફતેહઅલીની સૌથી મૂળભુત અને સૌથી મોટી ખૂબી એ છે કે તેવણ સવારે અને સાંજે પોતાના કુટુંબીઓની સાથે જમાતખાને જતી હોય છે. વલ્લાહ ! આ અમલ થકી ઘરમાં અતીશય વધારે અર્થાત ભરપૂર બરકતો આવતી રહે છે, જેને આપણે માનનીય ગુલશકર બહેનના બરકતવંતા ઘરમાં જોઈ રહ્યા છીએ; જે છે ઈમાન, દીનદારી, ઈબાદતની લાગણી સહીત રાત્રીનું જાગરણ, મજલસોમાં હાજર રહી સવાબ મેળવવો, મૌલાનો ઈશ્ક, ગીનાનો બોલવા, જ્ઞાનથી મૈત્રી, ઝીકર અને ગીરીયાઝારી, મઝહબી પુસ્તકોની ભરપૂર ખીદમત, ઈલ્મી ટપાલ મોકલવી અર્થાત જ્ઞાનની વાતોનો ફેલાવો કરવો વિગેરે.

# રૂહાનીયત અને સ્વપ્નાઓનો અભ્યાસ

## બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

## પ્રસ્તાવના

અલ્લામા રીસર્ચ ઇન્સ્ટીટયુટ એન્ડ ફાઉન્ડેશન (ARIF–આરીફ)ની સ્થાપના પૂર્વ કેનેડામાં અલ્લામા નસીરૂદ્દીન હુંઝાઇ સાહેબની પ્રેરણાદાયી અને રૂહને પોષણ આપનારી મુલાકાત, કે જેમાં તેમના ઊંડા સમજજ્ઞાન તથા તાર્કિક (તર્ક ભરેલી) સાબિતીના પ્રદર્શન થકી સામાન્ય રીતે જમાતમાં અને ખાસ કરીને વિદ્યાર્થીઓમાં એક રૂહ ફુંકાઇ હતી, તેના પરિણામે માર્ચ ૧૯૭૮માં (અમુક) યુનિવર્સિટીઓ જેવી કે વોટરલુ (કીચનર), ગોયેલ્ફ, મેકગીલ (મોન્ટ્રીયલ)ના વિદ્યાર્થીઓ તથા જમાતી મેમ્બરોના બનેલા ગ્રુપ, કે જેમને આપણા પવિત્ર મઝહબના રૂહાની અને બાતિની પાસાઓને ઊંડાણપૂર્વક સમજવાનો શોખ છે, તેમના પ્રયત્નો થકી અસ્તિત્વમાં આવી છે. આ અલ્લામા સાહેબને કેનેડાના ઇસ્માઇલીયા એસોસિએશનની પૂર્વ કેનેડાની રીજનલ કમિટીએ "કુરઆને કરીમની તાવીલ" અને "ઇસ્માઇલી રૂહાનીયત"ના વિષયો ઉપર ભાષણ આપવા (લેક્ચર કરવા) માટે આમંત્રણ આપ્યું હતું.

અમારા માટે આ એક મોટું સદ્‌ભાગ્ય છે કે "આરીફ"ના મારફત જ્ઞાન–ઈલ્મની સેવા કરવાની તક સાંપડી છે, કારણ કે એ વાત સર્વેની સામે સ્પષ્ટ છે કે ઉચ્ચ પદવીના માલિક, ઈમામે ઝમાન ઈચ્છે છે કે જમાતમાં જ્ઞાન–ઈલ્મનો ફેલાવો થાય, જે માટે આપ માનવંત સાહેબ દરેક વખતે ન ફક્ત ફરમાનો કરે છે, બલ્કે તેની સાથે સાથે આ હેતુની પ્રાપ્તિ માટે જમાતની અંદર અને તેની બહાર પણ એવા ઉદાર ફંડ–ફાળાઓ આપે છે કે જે બેનમૂન છે (જેનો બીજો કોઈ નમૂનો નથી જડતો). આ થકી એ બાબતનો ખૂબીપૂર્વક અંદાજો થઈ શકે છે કે ઈમામ (અ.સ.)ની દૃષ્ટિમાં જ્ઞાન–ઈલ્મની કેટલી મોટી મહત્ત્વતા છે.

તમોએ ઈતિહાસનો એ નિરાશાજનક–દુ:ખદાયક બનાવ સાંભળ્યો હશે કે ઘણાબધા કીમતી ઈસ્માઈલી પુસ્તકો નાશ પામ્યાં છે–ખોવાઈ ગયાં છે, જેની તૈયારીમાં વિદ્વાનોની પૂરી વય (જિંદગી) ખર્ચાઈ ગઈ હતી; અને આપણે આપણા પૂર્વજોની કશી ફરિયાદ પણ નથી કરી શકતા કે આ બનાવ શા માટે બન્યો – શા માટે બનવા દીધો ? તેથી વિરુદ્ધ જો આપણે આપણા સમયના વિદ્વાનોના ઈલ્મ–જ્ઞાનના કાર્યને ન સંભાળીએ – તેને સાચવીને ન રાખીએ, તો આવનારી પેઢીઓ આપણી ફરિયાદ કરશે – આપણો વાંક કાઢશે, કેમકે આપણને એવી કોઈ મુશ્કેલીઓ–મજબૂરીઓ નથી ,જેવી કે ભૂતકાળમાં (વિતેલા સમયમાં) હતી. આપણો સમય તો ખુદાના ફઝલથી સ્વતંત્રતા અને પ્રગતિનો જમાનો છે અને તેમાં જ્ઞાનને સાચવવા–નવજીવન આપવાનાં સઘળાં સાધનો મૌજૂદ છે.

અમોએ "આરીફ" સંસ્થાના મારફત પોતાના ઉપર જે જવાબદારી રાખી છે તે ફક્ત એટલી છે કે અમો અલ્લામા નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઈનાં આ પુસ્તકો તથા તેમનાં (વ્યાખ્યાનો) ભાષણો કે જે બ્રુસેસ્કી, ફારસી અને ઉર્દુ ભાષામાં છે અને જે પાકિસ્તાનની ઈસ્માઈલીયા એસોસિએશન તથા હુંઝાની દારૂલ હિકમત અલ ઈસ્માઈલીયા (ગીલ્ગીટ) અને ખાનાએ હિકમત, કરાચી (પાકિસ્તાન)થી છપાયા છે તેના અંગ્રેજી, ફ્રાન્સીસી, ગુજરાતી અને જરૂરિયાત મુજબની અન્ય ભાષાઓમાં પણ અનુવાદ કરીએ.

અલ્લામા સાહેબે પૂર્વ તથા પશ્ચિમની કેટલીય રૂહોને પોતાના ઈલ્મ–જ્ઞાન તથા ઈમામે ઝમાન માટેની જાન–નિસારીની લાગણી વડે પ્રકાશિત કરેલ છે. તેઓ ઈમામે ઝમાનના એક વફાદાર ગુલામ છે અને જમાતના એક શુભેચ્છા ધરાવનારા સેવક છે. અત્યાર સુધી તેમણે પવિત્ર ઈસ્માઈલી મઝહબ ઉપર લગભગ એકસો (૧૦૦) પુસ્તકો લખ્યાં છે. અમોને કંઈક એવો અનુભવ પણ થયો છે કે તેઓ માનવંતને ઈમામે ઝમાન (અ.સ.)ની બાતિની મદદ મળેલી છે.

આ તકે હું ખાનાએ હિકમતના પ્રેસિડન્ટ ફતેહઅલી હબીબ, અમલદારો અને મેમ્બરોનો આભાર માનું છું કે એ હકીકી ઈસ્માઈલીઓએ અત્યાર લગી અલ્લામા નસીરૂદ્દીનની સાથે મળીને ઘણી બધી ખિદમતો કરી છે; અને જો અમો કાંઈ કરી શકીએ છીએ તો એનો પાયો તેઓની જ કુરબાની ઉપર રખાયેલો છે. તેઓ અમારાથી લગભગ દસ હજાર માઈલ દૂર હોવાં છતાં અમારા મદદગાર છે. છેવટમાં હું 'આરીફ'ના મેમ્બરોનો

પણ હાર્દિક આભાર માનું છું કે તેમણે દરેક પ્રકારે આ સંસ્થાની સાથે સહકાર કર્યો અને દૂર દૂર હોવા છતાં પણ પોતાની ફરજો આપમેળે જ પૂરી કરતા રહ્યા, જોકે આ દેશમાં વ્યક્તિગત કામો ઘણાં જ હોય છે. પરવરદિગાર એ સઘળા માનવંત ઈસ્માઈલીઓને દરેક રીતે ખુશ રાખે અને તેમની સઘળી નેક ઉમેદો પૂરી કરે, આમીન ! !

**–શીરાઝ શરીફ**
(ચેરમેન, 'આરીફ')

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# આભાર દર્શન

મારી હસ્તીના પ્રત્યેક કણને જોઈએ કે તે પરવરદિગારે આલમની આ અતિ મહાન કૃપા–મહેરબાનીની શુકરગુઝારી તથા કદરદાની કરે તે રહેમાન અને રહીમે (તે દયાળુ અને કૃપાળુએ) પોતાની ખાસ રહેમત વડે અમને અને અમારા મિત્રોને ઈલ્મ–જ્ઞાનના મેદાનમાં દરેક વેળાએ ધારણા કરતાં વધારે સફળતા અને ફતેહમંદી અર્પણ ફરમાવેલ છે, જેના પરિણામે દેશ કેનેડાના અમારા મિત્રો પવિત્ર ખુદાવંદી સહાય અને નેક બુદ્ધિ (તૌફીક) વડે એક ઘણું જ સુંદર પુસ્તક "રૂહાનિયત અને સ્વપ્નાઓ (ખ્વાબ)નો અભ્યાસ"ના નામે પ્રગટ કરી રહ્યા છે. અલ્લાહ તઆલાની આ ન્યામતોના માટે અમે જો હજાર વર્ષ સુધી પણ શુકરગુઝારી કરતા રહીએ તો પણ ઓછી છે.

જોકે દક્ષિણ અમેરિકા (કેનેડા)માં અમારા કદર કરવા લાયક મિત્રોએ શરૂઆતથી લઈને અત્યાર લગી ઘણી જ વધારે ઈલ્મી સેવા બજાવેલી છે; અને એ બધું "આરીફ"ની સસ્થા તરફથી કરવામાં આવ્યું છે, તેમ છતાં એક રીતે આ પ્રથમ તક છે કે આ વહાલી સંસ્થાના નામથી સિદ્ધાંતિક રીતે એક હિકમતસભર પુસ્તક પ્રગટ થઇ રહ્યું છે, જેથી ન ફક્ત 'આરીફ'ના જ સભ્યોને અનહદ આનંદ થઇ રહ્યો છે બલ્કે

ચોક્કસપણે આ ઐતિહાસિક કાર્ય બજાવી લાવવાની "ખાનાએ હિકમત"ના સભ્યોને પણ બેહદ ખુશી થઇ હશે.

"આરીફ"ના ઉત્સાહી અને જ્ઞાનચાહક સભ્યોએ શક્ય દરેક ખિદમત બજાવેલી છે, જે માટે તે સઘળાઓનો નિખાલસતાભર્યા શબ્દોમાં આભાર માનવો જોઇએ. આ બારામાં સૌ પ્રથમ માનનીય અને ગણનાપાત્ર ચેરમેનનો ઉલ્લેખ આવે છે. અમારા કદર કરવા લાયક ચેરમેન જ. શીરાઝ શરીફ ઘણા બધા ઈન્સાની અને ઈમાની ગુણો ધરાવે છે. તેઓ ગોએલ્ફ યુનિવર્સિટીના ઈસ્માઈલી સ્ટુડન્ટસના ચેરમેન પણ છે અને જમાતના અમલદાર પણ છે, પરંતુ આ બધી ખૂબીઓ છતાં તેમને ગર્વ કે મોટાઇ જરા પણ ગમતા નથી. તેમના સ્વભાવમાં હંમેશા ગંભીરતા અને સમતોલપણું નજરે આવે છે. તેઓ હકીકી જ્ઞાનના શોધક તથા મૌલાના આશિક છે. તેમને જ્ઞાનના પ્રકાશને ફેલાવવાનો જબરદસ્ત શોખ છે. હક (સચ્ચાઇ)ની તરફેણ કરતી વેળા તેઓ સિંહ જેવા લાગે છે, પણ બંદગીના વખતે એક માસૂમ બચ્ચાની જેમ આંસુ વહાવે છે. તેમના વ્યક્તિત્વને સમાજમાં જેવું સ્થાન મળેલ છે તેને જોતાં તેઓ બાદશાહ જેવા છે, પણ તેમના હૃદયમાં જે દીની મોહબ્બત અને ઇશ્કે ઇલાહી છે તેના કારણે તેઓ દરવેશ જેવા છે.

શીરાઝે હકીકી ઇલ્મના પ્રકાશને ફેલાવવા માટે ઘણી કુરબાનીઓ આપી છે. તેઓ "આરીફ" દ્વારા ભવિષ્યમાં પણ કોઇ મોટું પરાક્રમ કરી બતાવવા ઇચ્છે છે. તેમણે પોતાના કાર્યક્રમ અને કારકિર્દીનો એક ટૂંક રિપોર્ટ અને અરજી દ્વારા મૌલાના હાઝર ઇમામની પવિત્ર હુઝૂરમાંથી "આરીફ"ના નામની

મંજૂરી તથા હિકમત ભરેલી ખુશનુદી મેળવેલી છે.

'આરીફ'ના ચેરમેન પોતાના સભ્યોની ખૂબ જ ઇઝઝત કરે છે. તેઓ જ્ઞાનના પ્રકાશને ફેલાવવા માટે પ્રયત્નો કરે છે. તેમની ઇચ્છા છે કે અજ્ઞાનતાનું અંધારું દૂર થઇ જાય-નાશ પામી જાય.

મને ખાત્રી છે કે 'આરીફ'ના ચેરમેન અને સભ્યોની એ દિલી તમન્ના છે કે આ તકે ભાઇ જીમી જીન્નાહના એ (અસંખ્ય) મહાન સેવા કાર્યને પણ બિરદાવું કે જે 'આરીફ'ના બુલંદ હેતુની પ્રાપ્તિના માટે તેઓ બજાવી લાવેલ છે. જીમી જીન્નાહ કે જેમનું પૂરૂં નામ જીમી મહમ્મદઅલી નૂરમહંમદ જીન્નાહ છે. તેઓ ઉચ્ચ હિમ્મત તથા ફરિશ્તા જેવું ચારિત્ર્ય ધરાવે છે. જેમને ઇસ્માઇલીયા એસોસિએશન ફોર નઇરોબી જેવી પવિત્ર અને ઉચ્ચ સંસ્થામાં ઓનરરી સેક્રેટરીની જવાબદારીઓ બજાવી લાવવાનો અનુભવ છે. એમણે જે રીતે "ખાનાએ હિકમત" અને "આરીફ"ની ઇલ્મી વસ્તુઓ ઠેકઠેકાણે ફેલાવી દીધી છે, તેની કોઇ ઉપમા નથી જડતી. એવણ આ બંને સંસ્થાઓના મદદગારોમાંથી છે અને તેમને દીની ઇલ્મથી ઘણી જ ચાહના છે.

જીમી જીન્નાહે દીની જ્ઞાનના ફેલાવા ખાતર અત્યાર લગી જેટલી કુરબાનીઓ આપી છે તેની વિગતો આપવી આ પાનાઓના વિસાતની બહાર છે. તેઓ ઇલ્મી ખિદમતની જરૂરિયાત અને મહત્વત્તાને સારી રીતે જાણે છે. એ જ કારણ છે કે તેઓ પોતાના દફતરી (ઓફિસ) કાર્યના જબરદસ્ત દબાણ છતાં હંમેશા દીની ઇલ્મની પવિત્ર ખિદમત કરતા રહે છે અને ક્યારેય થાકતા

નથી. કહે છે કે :–

ઈન સઆદત બઝોરે બાઝુ નીસ્ત
તા ના બખ્શ ખુદાએ બખ્શન્દા

ખુદાવંદે આલમના ફઝલ અને કરમથી અમારે ત્યાં જ્ઞાન અને સાહિત્યનો એક વધુ ચમકદાર સિતારો પ્રકાશ વેરી રહ્યો છે, જેનો ખાસ ઉલ્લેખ કરવાનો સમય આવી ચૂક્યો છે. તે છે માનવંત બહેન ઝૈન રહીમ કાસમ. તેઓ અંગ્રેજી સાહિત્યમાં નિપુણતા ધરાવે છે અને તેની સાથે સાથે મોટી ખૂબીની વાત એ છે કે તેઓ દીની હિકમતના મહાન પુસ્તકથી પણ સારી રીતે જાણકાર છે. હાલ તુરત તેઓ સૈયદના નાસીર ખુશરૂની ફિલસૂફી ઉપર એમ.એ. કરવાના માટે ઈસ્લામી ઈન્સ્ટીટ્યુટ–મેકગીલમાં કામ કરી રહ્યાં છે. તેઓ એક ઉચ્ચ દરજ્જાની કવીયત્રી અને અસરકારક લેખિકા છે; અને તેણીની કલમની ચાલમાં એવો જાદુ છે કે તેનાથી ઈલ્મ અને હિકમતની કળીઓ હંમેશાના માટે મલકાતી –હસતી રહે છે. તેણીના માટે જીવનની સૌથી મોટી ખુશી અને આનંદની લાગણી કલમની ખિદમત કરવામાં સમાયેલી છે. તેણી એવી નિઃસ્વાર્થ છે કે હંમેશા અન્યોને કામ આવવાના માટે પોતાના હેતુ–પોતાના કાર્યોને કુરબાન કરી દયે છે. કાવ્યો અને લેખોના તરજુમા સંબંધે તેમની નિઃસ્વાર્થ અને ત્યાગ ભરેલી ખિદમતને પૂર્વ તથા પશ્ચિમ બંનેમાં જમાતો તેમને માન અને મહોબ્બતથી યાદ કરશે. તેણી આવનારા નજદિકના ભવિષ્યની એક મોટી અને તેજસ્વી વિચારો રાખનારી જ્ઞાનચાહક વ્યક્તિ છે.

હું આ ત્રણે માનનીય વ્યક્તિઓનો હૃદયપૂર્વક આભાર

માનું છું અને અન્ય સઘળા વહાલા મિત્રોનો પણ આભારી છું કે જેઓ પૂર્વ અને પશ્ચિમમાં છે, જેમણે પોતાની ખુદા તરફથી બક્ષિસ કરેલ ખૂબીઓ અને કુરબાનીઓ વડે કામ કરીને 'ખાનાએ હિકમત' તથા 'આરીફ'ની સ્થાપના કરી અને તેમને પ્રગતિના પંથે આગળ લાવ્યા. મારી નમ્ર દુઆ છે કે ખુદાવંદ પોતાની અમાપ રહેમતો વડે આ સઘળા મિત્રોને દીન અને દુનિયામાં સફળતા અને ઉન્નતિ અર્પણ કરે. આમીન !

ફક્ત સેવક

**નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઇ**

૧-૫-૧૯૮૦

ISW LS
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

# આ પુસ્તકની મહત્ત્વતા

આ પુસ્તકની જરૂરત તેની મહત્ત્વતા અને તેના ફાયદાઓ વિષે વર્ણન કરવામાં આવે એ ઘણુ જરૂરનું છે. અહી જે વિષયોને આલેખ્યા છે તેને જોતાં એ નામ વ્યાજબી છે કે આ પુસ્તકમાં રૂહાનિયત અને સ્વપ્નાઓનો ઊંડાણથી અભ્યાસ કરવામાં આવ્યો છે, જેના થકી એક હોંશિયાર મોમીન ખુદાવંદ તરફથી મેળવેલ નેક બુધ્ધિથી ઘણો ફાયદો મેળવી શકે છે. મારે ગર્વના નહિ, પણ આજીઝી અને શુકરગુઝારીનાં અશ્રુ વહેવડાવતાં એ બતાવી દેવું જોઇએ કે આ વિષયો એ અમલી રૂહાનીયતના પ્રકાશમાં બનાવવામાં આવ્યા છે કે જે સદાય હકીકી તાબેદારી (ઇતાઅત)ની શરત ઉપર ઇમામે ઝમાન તરફથી મળતી રહે છે, જેમકે જાણકાર મોમીનો સાચા દીનના આ ચમત્કાર (મોઅજીઝા) ઉપર વિશ્વાસ રાખે છે. હવે અમે ટૂંકમાં દરેક વિષયના રૂહાની પાસાઓ ઉપર પ્રકાશ વેરવા ઇચ્છીએ છીએ.

**સલ્વાત :**

સલ્વાત એક હિકમતથી ભરેલો વિષય છે, જેનો ખાસ સંબંધ રૂહાનીયતથી છે. કેમકે કુરાનની આયત મુજબ આ એક

એવી બાતિની વસ્તુ છે કે જેના મારફત ખુદા, મલાયકો (ફરિશ્તાઓ) અને રસૂલ (સ.અ.સ.) મોમીનોને અંધકારમાંથી કાઢીને નૂરમાં (પ્રકાશમાં) દાખલ કરી દેવા ચાહે છે. જેનો હેતુ છે (ઐનુલ યકીન) આંખોથી જોઈને ખાત્રી કરવાનો અનુભવ અને મા'રફતનો પ્રકાશ. આમ સલ્વાત ઈબાદતના શબ્દના પ્રકારે પણ અને તેના અર્થ તથા હિકમત મુજબ પણ ઘણી મોટી મહત્ત્વતા ધરાવે છે.

જ્યારે અલ્લાહ મોમીનો ઉપર સલ્વાત મોકલે છે તો શું તે ફક્ત મોઢેથી ઉચ્ચારેલ એક વાત હોઈ શકે છે કે એક ખુદાઈ કૃત્ય (કામ) છે ? તમો એ બાબત ઉપર ખૂબ ગંભીરપણે વિચારો. જો તમો માનો છો કે આ એક ખુદાઈ કાર્ય છે તો સાથે સાથે જ એ પણ માનવું પડશે કે આ એક બાતિની વસ્તુ છે એટલે કે રૂહાનીયત. ખુદાવંદે આલમીનની સલ્વાત એક વાતના બદલે એક કાર્ય એ માટે છે કે અમો આપણી સલ્વાતમાં તેની પાસે (ખુદા પાસે) અરજી મૂકીએ છીએ કે ઓ અલ્લાહ, સલ્વાત (દરૂદ) નાઝિલ ફરમાવ; તો તેની સાથે વાત–કોલ ખલાસ થઈ જાય છે, હવે કાર્યની સ્થિતિ આવી જાય છે કે જે ખુદાના ઈરાદા (ઈચ્છા) ઉપર આધારિત છે, પણ જ્યાં અલ્લાહ પોતે ફરમાવે છે કે ખુદા અને તેના ફરિશ્તા દરૂદ નાઝિલ કરે છે, તો સ્પષ્ટ છે કે એ હિકમતથી ભરપુર વસ્તુ એક રૂહાની કાર્ય છે, આપણી સલ્વાતની જેમ દુઆના રૂપમાં નથી.

એ જ રીતે જ્યારે ફરમાવવામાં આવ્યું કે, ઓ રસૂલ (સ.અ.સ.) મોમીનો ઉપર સલ્વાત મોકલી દે, તો આ આજ્ઞાનો ખાસ વિભાગ (એ હુકમનું ખાસ પાસું) આપણી કેળવણીના

હેતુસર છે કે જેથી આપણે પયગમ્બરના દરજ્જાને જાણીએ અને તેની આગળ રજૂ થઈએ (તેનો આશરો લઈએ), નહી તો ખુદાના જ તરફથી સ્વતંત્ર (ઓટોમેટિક) હિદાયત અસ્તિત્વમાં (મૌજુદ) હતી. બહરહાલ અલ્લાહે હુકમ દીધેલો છે અને તે દીન (મઝહબ)નો કાયદો (સિદ્ધાંત) બની ગયો છે, તો રસૂલ (સ.અ.સ.)ના માટે આ સંબંધે કોઇ વાત કરવાની બાબત નથી. ફક્ત અમલી પ્રકારે મોમીન ઉપર સલ્વાત મોકલવાની છે. આનાથી એ જણાય છે કે પયગમ્બર અને ઇમામના તરફથી મોમીનને જ સલ્વાત પ્રાપ્ત થાય છે (મળે છે). તે એક રૂહાની અમલ છે.

## (સબર) ધીરજ :

સબૂરીનો વિષય પણ બહુ મોટો છે, કેમકે મઝહબ (દીન)ના રસ્તા ઉપર જાહેર અને બાતિન તથા (જીસ્માનિયત) શારીરિક અને રૂહાનીયતના ઘણા ઠેકાણાઓ ઉપર ધીરજથી કામ લેવું પડે છે, માટે (સબર) ધીરજ એટલો વિશાળ વિષય છે કે દીનની સઘળી વાતો નીચે મુજબના પાંચ પેટા-વિષયોમાં વહેંચાઈને આમાં સમાઇ જાય છે. એ પાંચ વિભાગો આ મુજબ છે : ડર (ખોફ), ભૂખ, સંપત્તિનું નુકસાન (Loss of Wealth), જાનનું નુકસાન અને ફળનું નુકસાન; અને તેમાંથી દરેકની કેટલી કેટલી શાખાઓ છે. કુરાનમાં (૨/૧૫૫) ફરમાવેલ છે કે (સબર) ધીરજના એ સઘળા (મોકાઓ) વખતો ઉપર અલ્લાહ તઆલા મોમીનોની પરીક્ષા લેવાનું (અજમાવવાનું) ઇચ્છે છે અને આજ્ઞા થયેલ છે (હુકમ આપેલો છે) કે રસૂલ (સ.અ.સ.)

સબર કરનારાઓને એ બાબતની ખુશખબરી આપે કે પરવરદિગારના તરફથી તેઓ ઉપર સલ્વાત, રહેમત અને હિદાયત નાઝિલ થાય છે.

એ જાણવું જોઈએ કે ખુશખબરી દેવાને માટે જે હુકમ આપવામાં આવ્યો છે તેમાં એક જબરદસ્ત હિકમત છુપાયેલી છે. તે એ છે કે ખુશખબરી દેવાને માટે પયગમ્બરના પછી ઈમામનું હોવું જરૂરી છે, કેમકે સબર કરનારાઓ ન ફક્ત નબુવતના સમયમાં જ હતા, જેમને ખુદાના રસૂલે બીજા કોઈને સાથે લીધા વગર ખાસ કરીને ખુશખબરી સંભળાવી, બલ્કે સબર કરનારાઓ પછીના સમયમાં પણ હોય છે, જેમને બરહક ઈમામ જાહેરમાં અથવા બાતિનમાં ખુશખબરી સંભળાવે છે અને બાતિનનો અર્થ રૂહાનિયત છે. અર્થાત રૂહાનિયતના દરવાજા ખુલી જવા એ પોતે જ એક ખુશખબરી છે. આના થકી જણાય છે કે ધીરજના પરિણામ ઉપર રૂહાનિયતનો સૂર્ય ઊગે છે અને તેના પછી પણ રૂહાનીયતની સખ્તી (રૂહાનીયતનું વજન) ઉપાડવાને માટે ધીરજ જોઈએ કે જેથી ખુદા તઆલાની મદદ અને સહાય આવીને મોમીન બંદાનો હાથ ઝાલે; અને ધીરજનો સંબંધ રૂહાનીયતની સાથે જ છે.

**ગીરીયા વ ઝારી :**

જે રીતે શરીયત મુજબની નમાઝ જાહેરી પાકીઝગી વગર વ્યાજબી નથી, તે જ રીતે હકીકી બંદગી કે જે રૂહાનીયતની પ્રાપ્તિ ના માટે નક્કી કરે છે તે બાતિની પાકીઝગી વગર નથી ચાલતી; અને બાતિની પાકીઝગી તૌબામાં છે અને અમલી

Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

તૌબા ગીરીયા વ ઝારી છે કે જેથી રૂહાનીયતનો દરવાજો ખુલી શકે.

શું તમોએ વિચાર નથી કર્યો કે ખુદાવંદ આલમીને કેવી શાનથી તૌબા અને જાહેર પાકીઝગીને એક જ જગ્યાએ વર્ણવેલ છે, જેમકે ફરમાવે છે કે "ચોક્કસ ખુદા તૌબા કરવાવાળાઓને અને સુથરા (સાફ–પાક) લોકોને મિત્ર બનાવી રાખે છે." તૌબા બાતિની પાકીઝગી છે, જેનો ઉલ્લેખ જાહેરી પાકીઝગીની સાથે કરવામાં આવ્યો કે જેથી બુદ્ધિમાન લોકો ઉપર એ હકીકત સ્પષ્ટ થાય કે જે રીતે જાહેરી ગંદગી (અપવિત્રતા)થી પાક–પવિત્ર થવાના માટે પાણી જરૂરી છે તે જ રીતે બાતિની મિલાવટ–ગંદગીથી છૂટકારો મેળવવાને માટે તૌબા હોવી જોઇએ અને તે ગીરીયા વ ઝારીના રૂપમાં છે, તેના વગર રૂહાનીયતની કૃપા (સવાબ) નથી મળી શકતો.

નિદ્રા :

રૂહાનીયતની પ્રાપ્તિના સંબંધે નિદ્રાનો અભ્યાસ એ માટે જરૂરી છે કે જો તેમાં સુધારો અને કાબુ (Control) ન કરવામાં આવ્યા તો એ રૂહાનિયતના રસ્તામાં સૌથી મોટી અડચાણ બની શકે છે, માટે ખૂબ જ ઊંડાણપૂર્વક નિદ્રાની હકીકત જાણવાની જરૂરત છે કે જેથી નિદ્રાની સમસ્યા સહેલાઇથી ઉકેલી શકાય.

જ્યારે તમો નિદ્રાનું રૂહાની વિજ્ઞાન (સાયન્સ) જાણી ચૂક્યા હશો તો તમો વિશ્વાસ કરશો કે મોમીન બંદાની નિદ્રા ચમત્કારિક રીતે ઓછી અને ઓછી થઇ શકે છે અને તે

ગાઢથી પાતળી (બારિક) પણ થઇ શકે છે. કુરાન મુજબ (૩૯/૪૨) નિંદ્રા એ માટે છે કે તે રૂહને કે જે દિવસના કામકાજ અને શોક તથા ગુસ્સાને કારણે થાકી જાય છે– ચીમળાઇ જાય છે તેને લઇ લ્યે અને તેની જગ્યાએ એક તાજી–નવીન રૂહ નાખી દેવામાં આવે, જે માટે ફક્ત થોડોક સમય જોઇએ; અને જો એક મોમીન વધારે વખત સુધી સૂતો પડ્યો રહે તો એ તાજી રૂહ પણ નીકળી જાય છે અને તેની જગ્યાએ ગાફિલ–સુસ્ત રૂહ આવી જાય છે. આ હકીકતનો અનુભવ ખૂબ વધુ પ્રમાણમાં એક ઇબાદત' કરનારા મોમીનને મળી શકે છે અને જેની રૂહ ગાફિલ અને ગાફિલ જ હોય તેને આ લાગણી જ નથી થઇ શકતી. (એ અનુભવ જ નથી થઇ શક્તો) કે કઇ રૂહ ગઇ અને કઇ રૂહ આવી.

**સ્વપ્ન :**

રૂહાનીયતના સંબંધમાં સ્વપ્નની મહત્ત્વતા એ છે કે સ્વપ્ન એ અપરિપક્વ (કાચી–નબળી) રૂહાનીયત છે. જ્યારે ઝીકર અને ઇબાદતના પરિણામે મજબૂત–પરિપક્વ થઇ જાય છે, તો તે સંપૂર્ણ રૂહાનીયતનું સ્વરૂપ ધારણ કરી લ્યે છે અને (અદ્દભુત) ચમત્કારી બની જાય છે અને રૂહાનીયતની સાથે એક થઇ જાય છે. સ્વપ્નની બીજી મહત્ત્વતા એ છે કે એ ન ફક્ત રૂહાનીયતના જગતનો નમૂનો છે, પરંતુ એ આખેરતની દુનિયાનું રૂપક પણ છે (ઉપમા પણ છે) અને (ડાહ્યા–જ્ઞાની) અક્કલવાળાઓના માટે તેમાં ઘણીબધી હિકમતો છુપાયેલી છે.

જે મોમીનો કારે બુઝુર્ગ (બૈતુલ ખયાલ)માં દાખલ છે, તેઓની સફળતાનું પરિણામ સ્વપ્ન અને વિચાર (ખ્વાબ અને ખ્યાલ) બંનેમાં નીકળે છે, માટે એક મોમીન માટે જરૂરી છે કે તે પોતાની રૂહાની પ્રગતિને બંન્ને દરજ્જાઓ ઉપર પારખી લ્યે; અને જો સારાં સારાં સ્વપ્નાઓ આવે છે તો શુક્રગુઝારીની ઈબાદત કરે અને જો ખરાબ સ્વપ્નાઓ આવે છે તો તૌબા કરે, એ રીતે કે જેમ તૌબા કરવાનો હક્ક છે (જેમ તૌબા કરવી જરૂરી છે).

ફક્ત નમ્ર સેવક

**–'નસીર' હુંઝાઈ**

(૨જી મે, ૧૯૮૦)

# સલ્વાતની હિકમત

એ યાદ રાખવાની બાબત છે કે મઝહબની હિકમતના મહાન ભંડાર (ખજાના)ની ચાવીઓ અજબ અને નવાઇ પમાડનાર હોય છે, કારણ કે તે (ચાવીઓ) પોતે પણ હિકમત જ હોય છે. માટે કુરાને શરીફમાં સલ્વાત (દરૂદ)નો વિષય હિકમતનો એક મહાન ભંડાર છે, જેની હિકમત સભર ચાવી એ હુકમ (એ કામ)માં છે કે મુહમ્મદ અને આલે મુહમ્મદ (સ.અ.સ.) ઉપર સલ્વાત પડવાને માટે હુકમ ફરમાવવામાં આવે છે (૩૩/૫૬) કે જેથી અક્કલવાળા મોમીનો એ દરજ્જા ઉપર વિચાર કરે જેમકે વિચાર કરવો જોઇએ; અને એ પ્રમાણે પૂછે કે જે રીતે પૂછવાનો હક છે કે જેથી તેઓ દીન (મઝહબ)ની ખાસ ખાસ હિકમતોથી જાણકાર થઇ જાય કે જેમાં રૂહાની મહાનતા અને બુઝુર્ગી (ઊંચાઇ અને ઉન્નતિ) છુપાયેલાં છે.

આ હિકમત ભરેલા વિષયની ઊંડી સમજૂતીમાં જતાં પહેલાં એ યોગ્ય હશે કે આપણે તેના મહત્ત્વના સવાલોને સામે લાવીએ કે જેથી એક તરફથી (દલીલોની) ચર્ચાની અગત્યતા (જરૂરત) જાહેર થાય અને બીજી તરફ મુશ્કેલ હિકમતો (આસાન) સહેલ થઇ જાય.

હવે સૌથી પહેલો સવાલ એ છે કે મુહમ્મદ (સ.અ.સ.)

અને આલે મુહમ્મદ ઉપર સલ્વાત પડવી એ જરૂરી શાં માટે થયું એ અર્થમાં (જે સલ્વાતનો અર્થ છે) કે અલ્લાહ તઆલા એવાજ નામદાર (સ.અ.સ.) અને તેમની આલ ઉપર રહેમત નાઝિલ ફરમાવે, જ્યારે કે હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.) પોતે જ ખુદાના હુકમ મુજબ (કુરાનમાં આવ્યા મુજબ) સઘળા જગતના માટે રહેમત છે ? (૨૧/૧૦૮)

બીજો સવાલ એ છે કે જ્યાં ખુદાવંદે આલમીન અને તેના ફરિશ્તાઓ મોમીનો ઉપર દરૂદ મોકલે છે ત્યાં એ દરૂદ સીધેસીધી આવે છે કે હઝરત રસૂલુલ્લાહ (સ.અ.સ.) અને તેમની પવિત્ર આલના મારફત આવે છે ? અગર જો સીધેસીધી આવતી હોય તો પછી રસૂલ (સ.અ.સ.) કેવા અર્થમાં જગત માટે રહેમત ગણાવાયા ? અને જો આ સલ્વાત રહેમતના મૂળ અર્થાત હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ (સ.અ.સ.) તથા તેમની આલના મારફત આવે છે તો પછી સવાલ એ છે કે શું ખુદા અને તેના ફરિશ્તાઓની સલ્વાત રહેમતના એ અસલ સ્થાન એટલે કે હઝરત નબી સાહેબ નૂરે મુહમ્મદી (સ.અ.સ.)માં પહેલેથી જ મૌજૂદ નથી ?

ત્રીજો સવાલ એ છે કે કુરાનમાં જે ઈલાહી ખજાનાઓ (ખુદાઈ ભંડારો)નો ઉલ્લેખ આવેલ છે અને જેની અંદર સઘળી વસ્તુ સમાયેલી છે (૧૫/૨૧) તે કઈ હેસિયતથી છે અને ક્યાં છે ?

ચોથો સવાલ એ છે કે ખુદાવંદતઆલા કઈ રીતે મોમીનો ઉપર સલ્વાત મોકલે છે અને તેના ફરિશ્તાઓ ક્યા અર્થમાં સલ્વાત મોકલે છે ? શુ આ એક જ સલ્વાતની વાત

છે કે એ બે (જુદી જુદી) છે ?

પાંચમો સવાલ એ છે કે અલ્લાહ તઆલા તથા તેના ફરિશ્તાઓથી સલ્વાત મેળવવાના માટે કોઇ પૂર્વશરત પણ છે અથવા તો કોઇ શરત વગરની છે ? અને જો કોઇ શરત છે તો તે શું છે ?

છઠ્ઠો સવાલ અલ્લાહ પોતાના રસૂલને ફરમાવે છે કે, "વ સલ્લી અલૈહીમ ઇન્ના સલાતક સકુનુલ્લહુમ" (૯/૧૦૩) અર્થ : તેમના ઉપર સલ્વાત મોકલ, ખરેખર (ચોક્કસ) તારી સલવાત તેમના માટે શાંતિ અને સંતોષનું માધ્યમ છે.

શું ખુદાના આ ફરમાનમાં પયગમ્બર (સ.અ.સ.)ના તરફથી મોમીનો ઉપર દરૂદ મોકલવી એ ખાસ બાબત છે અથવા સામાન્ય દુઆ ? જો એ દરૂદ છે તો તેની સાબિતી જોઇએ.

સાતમો સવાલ એ છે કે અહીં શબ્દ સલ્વાત જો સામાન્ય દુઆના અર્થમાં નથી પરંતુ એક ખાસ શબ્દપ્રયોગ તરીકે (ખાસ બાબત વિષેના નામ તરીકે) છે, તો તેની શું દલીલ હોઇ શકે છે ? તેની દલીલ કુરાન દ્વારા હોય.

હવે ખુદાવંદ તરફથી મળેલ નેક બુદ્ધિ તથા મદદ વડે ઉપર મુજબના સવાલોના જવાબ આપવામાં આવે છે.

**સવાલ ૧ નો જવાબ :** કુરાનમાં ફરમાવવામાં આવ્યા મુજબ જ્યારે ખુદાવંદ આલમીન અને તેના ફરિશ્તાઓ મોમીનો ઉપર સલ્વાત મોકલે છે, તો સ્પષ્ટ છે કે એ સલ્વાત હઝરત મુહમ્મદ (સ.અ.સ.) અને તેની આલના મારફત (વસીલાથી) મોકલે છે. (૩૩/૪૩) માટે એ જ આસમાની અને દિવ્ય

(ઈશ્વરી) સલ્વાતને મેળવવાને માટે ખુદા અને રસૂલે (સ.અ.સ.) એજ પ્રમાણે સલ્વાત પડવાનું શિક્ષણ આપ્યું કે મોમીનો કહ્યા કરે કે "અલ્લાહુમ્મા સલ્લી અલા મુહમ્મદીવ વ આલે મુહમ્મદ" ઓ અલ્લાહ ! મુહમ્મદ અને તેની આલ ઉપર (તે) સલ્વાત નાઝિલ ફરમાવ (જે તું મોમીનોના માટે મોકલે છે.) ૩૩/૫૬.

વળી આ હુકમમાં પયગમ્બર (સ.અ.સ.) અને પવિત્ર, ઈમામોની પાછળ પાછળ ચાલવાનો અર્થ રહેલો છે, જેનું વર્ણન અન્ય લખાણોમાં આવી ચૂક્યું છે. એનો અર્થ એમ થયો કે ઈશ્વરી (અલ્લાહ તરફની) અને ફરિશ્તાઓની (મલ્કુતી) દરૂદ મોમીનો ઉપર તે વખતે નાઝિલ થઈ શકે છે કે જ્યારે તેઓ હઝરત મુહમ્મદ (સ.અ.સ.) તથા તેની આલ માટે પૂજ્ય ભાવ (અદબ) રાખે; અને તેમની પાછળ ચાલે એટલે કે તેમની આજ્ઞા માને.

**સવાલ નં. ૨ નો જવાબ :** હઝરત મુહમ્મદને વચમાં રાખ્યા વગર (હઝરત મુહમ્મદ મારફત ન મોકલવું) અલ્લાહ અને તેના ફરિશ્તાઓનું મોમીનો ઉપર સલ્વાત મોકલવું જો શક્ય હોત તો પછી કુરાન અને ઈસ્લામની કંઈક (અમુક) વસ્તુઓ પણ મોમીનો ઉપર સીધેસીધી ઉતરી આવી હોત (નાઝિલ થઈ હોત), પણ એમ થવું અશક્ય છે અને તેથી એ સત્ય છે કે ન ફક્ત ખુદાની દરૂદજ પણ ખુદાવંદ તઆલાની દરેક રૂહાની ન્યામતો અને ખુદાવંદી ખજાનાઓ એટલે કે ખુદાની રહેમત (દયા) એ રહેમતુલ્લીલ આલમીન એટલે કે આપ નામદાર (સ.અ.સ.) અને તેમની આલ–તેમના જાંનશીનના મારફત જ

મળી શકે છે. વળી અહી એ બાબત જરૂરી છે કે મોમીનોના માટે ખુદા અને ફરિશ્તાઓની સલ્વાતં તો પહેલાંથી જ રહેમતના મૂળ સ્વરૂપે (હઝરત મુહમ્મદના રૂપમાં) મૌજૂદ છે, તેથી જ્યારે પણ હિદાયતના નૂર (પયગમ્બર અને ઈમામ) તરફથી આ દરૂદ મોમીનોને મળે છે તો કહેવામાં આવે છે કે એ ખુદાના તરફથી નાઝિલ થઇ છે અને એ વાત વ્યાજબી છે (સાચી છે), કેમકે (હકીકતમાં) અસલમાં ખુદાનું કામ પહેલાંથી જ થઇ ચૂક્યું હોય છે (વ કાન અમરૂલ્લાહીં મફઉલન-૩૩/૩૭). પરંતુ ફક્ત માનવીની (તે દરજ્જા સુધી) પહોંચવાની અશક્તિ-કમજોરીના કારણે તે એક પર્દાની પાછળ રહી ગયો છે; અને વાટ જુએ છે, તેથીજ જે કામ થઇ ચૂક્યું છે તેના માટે એમ કહેવું પડે છે કે થાય છે અથવા થશે; અને આ વાત કુરાનની હિકમતના સંબંધમાં ખૂબ મોટી મહત્ત્વતા ધરાવે છે.

**સવાલ નં. ૩ નો જવાબ :** ખુદા તઆલાનો ભંડાર (ખજાનાઓ) કે જેનો ઉલ્લેખ કુરાનમાં ૧૫/૨૧માં ફરમાવવામાં આવેલ છે, તે અક્લે કુલ, નફસે કુલ, નાતિક અને અસાસ છે અને તે સૌનું નૂર ઈમામે ઝમાન છે. જેમકે સુરહ યાસીનમાં ફરમાવવામાં આવેલું છે કે, દરેક ચીજોનો સમાવેશ ઈમામે ઝમાનની પવિત્ર જાત (વ્યક્તિત્વ)માં કરવામાં આવેલ છે. માટે આ અર્થમાં ઈમામે મુબીન (જાહેર ઈમામ) એ અલ્લાહ તઆલાના ભંડારો-ખજાનાઓનો સારાંશ છે. (બહોળા અર્થવાળો) ખજાનો છે. એટલે કે તે આ સઘળા ભંડારો ઉપર છવાઇ ગયેલો છે અને સઘળાને ઘેરી વળેલો છે; અને ઈમાન વાળાઓના માટે સર્વ કાંઇ ઈમામના પવિત્ર નૂરમાં છે. જેમકે કુરાનમાં ફરમાવેલું

છે કે, "અને અલ્લાહે તમને સર્વ કાંઇ (સઘળું) આપી દીધું છે, જે તમોએ માંગ્યું." ૧૪/૩૪ અર્થાત (અઝલમાં–અનંતતામાં) જગતની ઉત્પત્તિ પહેલાં તમોએ જે કાંઇ પણ ખુદાથી માંગ્યું હતું તે સઘળું તેણે તમારા માટે ખજાનો (ભંડાર) બનાવીને (જાહેર ઈમામ) ઈમામે મુબીનમાં રાખ્યું છે.

**સવાલ નં. ૪ નો જવાબ :** અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તાઓનું મોમીનો ઉપર દરૂદ મોકલવું એ પ્રકારે છે કે ખુદાવંદ ફક્ત હુકમ ફરમાવે છે જે રીતે કે હુકમ કરવો જોઇએ (અને એ સવાલ અલગ છે કે બારીતા'લાના હુકમની હકીકત શું છે ? અથવા તેનું કહેવું કે "કુન" તેની તાવીલ શું છે ?) અને ફરિશ્તાઓ ઈલાહી ખજાના (ખુદાના ભંડારો)માંથી સલ્વાત મોમીનોને પહોંચાડી દયે છે. આમ ખુદાની અને મલાયકોની સલ્વાતમાં જે કંઇ પણ તફાવત છે તે તદ્દન સ્પષ્ટ છે.

**સવાલ નં. ૫ નો જવાબ :** રહેમતના ખજાનાઓમાંથી અલ્લાહ તઆલા અને તેના મલાયકોની સલ્વાત મેળવવાને માટે સર્વ પ્રથમ શરત છે મુહમ્મદ (સ.અ.સ.) અને તેમની આલની ફરમાન બરદારી કરવી. કેમકે ખુદા અને રસૂલ (સ.અ.સ.)ની આજ્ઞા મુજબ જે રીતે સલ્વાત પડવામાં આવે છે તેની હિકમતમાં મુહમ્મદ (સ.અ.સ.) અને આલે મુહમ્મદની પાછળ પાછળ ચાલવા માટે ફરમાવેલું છે. એટલે કે કુરાનની એ આયતમાં કે જે હઝરત પયગમ્બર સાહેબ (સ.અ.સ.) ઉપર સલ્વાત મોકલવા સંબંધે છે અને સલ્વાતના શબ્દોમાં કે જે પોતે હઝરત નબી સાહેબે (સ.અ.સ.) ગોઠવેલા છે–નિયુક્ત કરેલા છે, તાવીલની ભાષામાં (ઊંડા અર્થ ધરાવતી ભાષામાં) મુહમ્મદ અને આલે

મુહમ્મદ (સ.અ.સ.)ની તાબેદારી ફરજિયાત ઠેરવેલી છે કે જેના વગર મોમીનોને ખુદા અને મલાયકોની સલ્વાત મળી નથી શકતી.

બીજી શરત આર્થિક (માલની) કુરબાની છે કે જેથી તે કુરબાની)ના મારફત હાદીએ બરહક મોમીનને પાક અને પવિત્ર કરી દયે અને એજ પ્રમાણે મોમીન ખુદાની નજીક થઇ શકે કે જેથી તે અલ્લાહ અને તેના ફરિશ્તાઓની સલવાતને પ્રાપ્ત કરી શકે અને તેની વિગત સુરહ તૌબાની આયત ૯૯ અને ૧૦૩માં મળે છે.

ત્રીજી શરત છે ખૂબ વધારે પડતા ઝીકરની અને સવાર–સાંજની તસ્બીહ તથા ઈબાદતની, જેના માટે સુરહ અઝહાબની આયત ૪૧ અને ૪૨ ને જોઇ જાઓ, જ્યાં એ સલ્વાતનો ઉલ્લેખ પણ છે જે જગતના પાલણહાર (પરવરદિગાર) અને તેના ફરિશ્તાઓના તરફથી મોમીનો ઉપર નાઝિલ થાય છે.

ચોથી શરતની વિગતના માટે તમારે સુરહ બકરની આયત ૧૫૫, ૧૫૬ અને ૧૫૭ને જરા ગંભીરપણે જોવાની છે, જેનો ખુલાસો છે સબૂરી (ધીરજ). સબૂરીના વડે (ધીરજ વડે) ખુદાના તરફ રજૂ થવાય છે. (સબૂરી ખુદા તરફ દોરી જાય છે) અને તે પછી સલ્વાત પ્રાપ્ત થાય છે.

**સવાલ નં. ૬ નો જવાબ :** ખુદાનું પોતાના હબીબ (સ.અ.સ.)ને એ ફરમાવવું કે "વ સલ્લી અલૈહીમ ઈન્ના સલાતકા સકનુન લહુમ" (૯/૧૦૩) બહુ જ મોટો અર્થ ધરાવે છે. આ કોઇ સામાન્ય દુઆ નથી પણ સલ્વાત જ છે; અને આ એ

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science Knowledge for a united humanity

જ સલ્વાત છે, જેના વિષે ફરમાવવામાં આવેલું છે કે ખુદા અને તેના ફરિશ્તા મોમીનો ઉપર સલ્વાત મોક્લે છે, કારણ કે જ્યારે અલ્લાહ તઆલાએ હઝરત મહમદ (સ.અ.સ.)ને ફરમાવ્યું કે મોમીનોને સલ્વાત આપો તો તે જ સલ્વાત (કે જે હઝરત રસુલુલ્લાહ મોક્લે છે) મૂળમાં–અસલમાં ખુદાના હુકમ થકી ખુદાની જ સલ્વાત ગણવામાં આવી છે; અને મલાયકોની સલ્વાત પણ એમાં જ છે. આને લીધે એ સત્ય સંપૂર્ણપણે સ્પષ્ટ થઇ જાય છે કે ખુદા મલાયકો અને રસૂલ (સ.અ.સ.)ની એક જ સલ્વાત છે.

ઉપર જણાવેલ આયતમાં ખુદાના રસૂલ (સ.અ.સ.)ની સલ્વાત શાંતિ–સંતોષનું (માધ્યમ) કારણ ગણવામાં આવી છે; અને જ્યારે આપણે કુરાનમાં આ શબ્દના અર્થ અને હિકમતને તપાસીએ છીએ, તો હઝરત રસુલુલ્લાહ (સ.અ.સ.)ની સલ્વાતની માન્યતા અને બુઝુર્ગી જાહેર–સ્પષ્ટ થઇ જાય છે. કેમકે એ અર્થનો ખુલાસો અથવા એ સવાલનો જવાબ, કે "સુકુન"નો શું અર્થ છે ? કેટલીય આયતોમાં મૌજૂદ છે; અને તે છે : ૨/૨૪૮, ૪૮/૪, ૪૮/૧૮, ૯/૨૬, ૯/૪૦, ૪૮/૨૬. આ કુરાની આયતોમાં "સકીના" શબ્દ હેઠળ રૂહાની સંતોષ–શાંતિનો ઉલ્લેખ કરેલ છે, જેમાં દરેક દરજ્જાની રૂહાનિયતની તરફ ઇશારો કરવામાં આવેલ છે. તમો પોતે પણ આ આયતોમાં જરા ગંભીરતાથી તપાસો.

આની સાથે રસુલુલ્લાહ (સ.અ.સ.)ની સલ્વાતનું મહત્ત્વ અંત નથી પામી જતું, પણ એ જરૂરી છે કે પ્રત્યેક એ આયત કે જેમાં સલ્વાત વિષે જણાવેલું છે તેને ગંભીરતાથી–ધ્યાનથી

તપાસવી જોઈએ કે સલ્વાતનું ફળ, મેવો અને હેતુ શું છે, કે જેથી તે વડે સલ્વાતની જરૂરત અને મહત્ત્વતા સ્પષ્ટ થઈ શકે. દાખલા તરીકે આયત ૩૩/૪૩ દ્વારા જાણાય છે કે ખુદા અને તેના ફરિશ્તાઓનો સલ્વાત મોકલવાનો હેતુ એ છે કે મોમીનોને અંધકારમાંથી પ્રકાશ (નૂર)ના તરફ લાવવામાં આવે. એનો અર્થ એ થયો કે અસલ મુકામ ઉપર સલ્વાત રૂહાનિયત અને હિકમતના ઈલ્મના સ્વરૂપમાં છે.

**સવાલ નં. ૭ નો જવાબ :** (અ) ખુદાએ જ્યારે પોતાના વિષે ફરમાવ્યું કે, "હુવલ્લઝી યુસલ્લી અલૈકુમ" (તે તમારા ઉપર સલવાત મોકલે છે) તો એ તો બોલવાની એક રીત થઈ–શૈલી થઈ; કેમકે અહીં "યુસલ્લી"નો ડીક્ષનરી મુજબનો અર્થ નથી થતો કે એનો અર્થ નમાઝનો હોય અથવા દુઆનો, કારણ કે ખુદાપાક પોતે માઅબૂદ (ઈબાદતને લાયક) છે, આબિદ (ઈબાદત કરનાર) નથી. માટે આનો અર્થ છે કે દરૂદ મોકલવી; અને આ એક બોલવાની રીત છે.

(બ) જ્યાં "યુસલ્લી"ના શબ્દ પ્રયોગના અર્થ પ્રમાણે ખુદાવંદે આલમીન અને મલાયકો ખાસ બંદાઓ ઉપર દરૂદ નાઝિલ કરે છે, ત્યાં આ દરૂદ બંદાને રસૂલે બરહક (સ.અ.સ.)ના નૂરના મારફત મળે છે; અને બિલકુલ એ જ અર્થમાં રસૂલે પાક (સ.અ.સ.)ને ફરમાવવામાં આવેલું છે કે "વ સલ્લી અલયહીમ" (અને તેઓ ઉપર દરૂદ મોકલી આપો). આ મુજબ અકલમંદો ઉપર એ સત્ય સ્પષ્ટ થઈ જાય છે કે આ (સલ્લી) દરૂદના શબ્દના અર્થમાં છે અને એક શબ્દ પ્રયોગ તરીકે છે.

(ક) પયગમ્બર (સ.અ.સ.) અને પવિત્ર ઈમામો (અ.સ.)ની દરેક દુઆ ખાસ હોતી હોય છે અને તેઓ નામધારોની કોઈ દુઆ સામાન્ય નથી હોતી, પરંતુ આ પવિત્ર દુઆનું સામાન્ય અને ખાસ હોવાનું કારણ મોમીનો જ છે, કે અગર જો તેઓ આમાલ કરણીના કાચા–અશક્ત છે તો તેમના માટે ફાયદા અને દરગુજર (માફી)ની દુઆ જોઈએ; અને આમ તે સામાન્ય દુઆ થઈ ગઈ; અને જો તે (મોમીન) પાક–પવિત્ર છે, તો પછી તેમને (સલ્વાત) દરૂદ મળવી જોઈએ.

## (સબર) ધીરજની હિકમત

ધીરજ અસલમાં કુરાન અને મા'રફતનો એક ખાસ વિષય છે, જે રૂહાનિયત અને તાવીલની તથા હિકમતની ગુપ્તતાના ઝવેરાતથી ભરપૂર છે તથા મઝહબની જાણકારી અને ખુદાઈ ઓળખાણની (અનંત) હંમેશની ન્યામતોથી માલામાલ છે. એ માટે કે ધીરજનો ગુણ અંબિયા તથા ઈમામો અલૈહિમુસ્સલામના સદાચરણ (સારાં કાર્યો કરવા)ની આદતનો એક મહત્ત્વનો ભાગ છે; અને તે એ માટે કે એ હકીકી મોમીનોની રૂહાની પ્રગતિના માટે એક આસમાની (સ્વર્ગીય) કાર્યક્રમ રજૂ કરે છે, જે મુજબ કામ કરવામાં સફળતાની બાંહેધરી રહેલી છે (ચોક્કસપણે સફળતા મળે છે).

ધીરજનો સૌથી મોટો સ્વભાવ એ છે કે તે પોતે અલ્લાહ તઆલાના ગુણો (લક્ષણો)માંથી છે, કારણ કે ("અસ્સબુર") ખુદાના પવિત્ર નામોમાંથી છે; અને તે સંબંધે

સૌથી મહાન હિકમત એ છે કે જગતના એ પાલનહારનું એ નામ (અસ્સબુર) બીજા નામોની જેમ કુરાનમાં ઉલ્લેખાયું નથી; અને એનો અર્થ એમ થયો કે ખુદાવંદ આલમીન પોતાના મુબારક નામ સંબંધેના ભેદો (ગુપ્ત વાતો)ને લોકો ઉપર જાહેર કરી દેવાનું નથી ઇચ્છતો, કેમકે એ એવા મહત્વના અને મૂળભૂત પ્રકારના ભેદો છે કે તેના પ્રકાશમાં અન્ય ઘણા રબ્બાની (ખુદાઇ) નામોની ગુપ્તતાની જાણકારી (જ્ઞાન–ઇલ્મ) હોઇ શકે છે. દાખલા તરીકે જો માની લેવામાં આવે કે અલ્લાહ તઆલાનું આ નામ (અસ્સબુર) નબુવ્વતના સમયમાં હઝરત મહમદ સલ્લી અલ્લાહ અલૈહી વ આલેહી વસલ્લમ હતા; અને તેમના પછી દરેક જમાનામાં ઇમામે ઝમાન સલવાતુલ્લાહ અલૈહી અસ્સબુર છે, તો પછી ખુદાઇ ભેદ ખુલી જવાનો અનંત ક્રમ (ક્યારે ય અંત ન પામે એવો ક્રમ) શરૂ થઇ જાય છે.

એમાં કોઇ શંકા નથી કે પવિત્ર ખુદાના નામ 'સબુર'નું સંપૂર્ણ જાહેરી સ્વરૂપ બરહક ઇમામ છે; અને તે જ રીતે અન્ય સઘળાં નામોનું પણ. પરંતુ આ નામમાં સૌથી વધારે ધ્યાન આપવા જેવી વાત એ છે કે અહી ખુદાના કાર્યનું સંપૂર્ણ માનવી (ઇમામ)ના ઉચ્ચ વ્યક્તિત્વમાં જાહેર થઇ જવું વધુ અને વધુ સમજવા જેવું–અર્થસૂચક છે. કારણ કે ધીરજ (સબર) કુરાનના જ પ્રકાશમાં (કુરાનની જ કેળવણીમાં) એક એવું કામ છે અને એક એવો અમલ છે કે જેનો સંબંધ મનુષ્યત્વ અને માણસાઇ સાથે છે ન કે ખુદાના પવિત્ર વ્યક્તિત્વ સાથે; અને આમ પણ સામાન્ય રીતે જોવામાં આવે તો એ એક મૂળભૂત સિદ્ધાંત છે કે અલ્લાહ એ હસ્તી છે કે જે દરેક

વસ્તુઓથી બેનિયાઝ (બેપરવા) (આઝાદ) અને પવિત્ર તથા સર્વોપરી છે. તે પ્રખ્યાત–નામાંક્તિ નથી અને ખાસિયત–ખૂબી કે ગુણ વગરનો પણ નથી. પરંતુ બંને પરિસ્થિતિમાં સર્વોપરી છે, એટલે કે બેઉ બાબતો ઉપર બાદશાહ છે. કોઇ પણ વસ્તુ તેની હસ્તી–તેના વ્યક્તિત્વમાં નથી, તેથી જ ખૂબીઓ–ગુણો અને બીજી સઘળી વસ્તુઓ તેના ખજાનામાં મૌજૂદ છે; અને કોઇ વસ્તુ એવી નથી કે જે ખુદાના ખજાનાથી બહાર (અલગ) હોય, માટે આ સંબંધે – આ બાબતસર – કુરાનની નીચે મુજબની આયત ઘણો પ્રકાશ નાખે છે.

"વ ઇમ્મીન શૈયઇન ઇલ્લા ઇન્દ...... અર્થ : અને (શક્ય બાબતોમાંથી) કોઇ વસ્તુ એવી નથી કે જેના ભરપૂર ખજાના અમારી પાસે ન હોય." (એટલે કે ખુદાની સઘળી વસ્તુઓ તેની હસ્તીમાં નથી, તેના ખજાનામાં છે.) ........ "વમા નનઝઝલહુ ઇલ્લા બિ કદરીમ્માલૂમ (૧૫/૨૧) "અને અમે તે ઠરાવેલા પ્રમાણમાં જ ઉતારીએ છીએ."

અલ્લાહ તઆલાના આ પવિત્ર ફરમાન થકી ઇમાન વાળાઓને માટે તૌહીદના જ્ઞાનનો (અલ્લાહ એક છે તે જ્ઞાનનો) ખાસ દરવાજો ખુલી જાય છે. તેઓ અલ્લાહના ખજાનાઓ તરફ તીવ્ર ઉત્કંઠા (ખૂબજ આતુરતા)થી ધ્યાન આપી શકે છે. કેમકે આ હુકમમાં મોટી મોટી ખુશખબરીઓ છે, ઘણી અણધારી સંપત્તિ બાબત ઇશારા કરેલા છે. ઘણા મુશ્કેલ કોયડાઓના ઉકેલ રહેલા છે; અને હૃદયને આનંદ આપનારી ઘણી વાતો છે.

કુરાનમાં ધીરજના ત્રણ દરજ્જા નિયુક્ત કરેલા છે; અને

ધીરજની સ્થિતિ તથા હકીક્ત અથવા ધીરજની ઓળખાણ પણ એ જ દરજ્જાઓ ઉપર મર્યાદિત છે, તે છે અંબિયાનો દરજ્જો, ઈમામોનો મરતબો અને મોમીનોનું સ્થાન; અને તે સિવાય જે પણ છે તેના વિષે ધીરજનો શબ્દ પોતાના મૂળ અર્થની સાથે નથી વપરાયો અને ન તો ક્યારે ય થઈ શકે છે. કેમકે દીન (મઝહબ) સૌથી મોટો (કાયદો) સિદ્ધાંત છે; અને તેમાં હિકમત સિવાય અક્કલ અને તર્ક પણ ઉત્તમ દરજ્જાની (અતિશય પરિપૂર્ણતાની સ્થિતિ)માં મૌજૂદ છે. આમ ઈસ્લામના વર્તુળથી બહાર (ઈસ્લામથી અલગ રહીને) ક્યાંય પણ (સબર) ધીરજનું અસ્તિત્વ નથી (કે) જેને ખરા અર્થમાં ધીરજ કહેવામાં આવે.

ધીરજ (સબર)નો અમલ ફરિશ્તાઓ માટે (ફરિશ્તાઓ ઉપર) પણ જરૂરી નથી થઈ શક્તો, કેમકે ધીરજ એ ગુણ છે કે જે અક્કલ અને નફસ (મન)ની કુદરતી (સ્વાભાવિક) ખેંચતાણ અને તે પછી અક્કલની તરફેણ અને નફસના વિરોધના પરિણામે પૈદા થાય છે. જ્યારે કે ફરિશ્તો ફક્ત અક્કલ રાખે છે અને તેની પાસે નફસ નથી; અને હેવાન (જાનવર)માં પણ ધીરજનો ગુણ એટલા માટે નથી કે તે ફક્ત નફસ ધરાવે છે અને તેની કોઈ અક્કલ નથી હોતી, માટે ધીરજ જેવો ઉમદા ગુણ ત્યાં પેદા થાય છે જ્યાં અક્કલ અને નફસ બંનેની શક્તિઓ મૌજૂદ હોય છે; અને એ સ્થાન–એ દરજ્જો ઈન્સાનિયત અને મનુષ્યપણાનો જ છે, જેનો ઈશારો–જેનો અર્થ છે અંબીયા તથા ઈમામો અલૈહિમુસ્સલામ અને તેમની તાબેદારી કરવાવાળા લોકો; અને તેઓ જ ખરા અર્થમાં ઈન્સાન (માનવી) છે; અને જે લોકો

ખરેખર ઈન્સાન નથી, ફક્ત ચહેરા (રૂપ)થી જ ઈન્સાન લાગે છે, તો તેમના વિષે કુરાનની આજ્ઞા તમો પોતે જ સાંભળી લ્યો; અને જુઓ કે ખુદા તઆલાનું ફરમાન છે કે :-

"વ લકદ ઝરાના લી જહન્નમ કસીરન મીનલ જીન્ન વલ અન્સી લહુમ કલૂબુન લા યફકહુન બીહા વ લહુમ અઅઉનુલ્લા યુબસીરૂન બીહા લહુમ અઝ ઈનલ્લા યસમઉન બીહા ઉલાઈક કાલ ઈન્આમ બીલહુમ અઝલ્લ ઉલાઈક હુમુલ ગફલૂન." (૭/૧૭૯) અર્થ : "અને જાણે અમોએ (પોતે) ઘણા ય જીન્નાતો અને માણસોને જહન્નમના માટે જ સર્જ્યા છે; અને તેઓના દિલ (અંતઃકરણ) તો છે (પરંતુ) તે વડે (સારું નરસું) સમજતા જ નથી; અને તેમની આંખો છે (છતાં) તે વડે તેઓ દેખતા નથી; અને તેમના કાન (પણ) છે જેનાથી સાંભળવાનું કામ જ નથી લેતા, (માટે) તેઓ જાણે કે પશુ (જનાવર) છે, બલ્કે તે કરતાં યે વધુ ભટકેલા (ગુમરાહ) છે; અને એ લોકોજ બેખબર (સત્ય બિનાથી નાવાકેફ) છે."

ખુદાના આ ફરમાનથી એ હકીકત જાહેર થઈ ગઈ કે ઘણા લોકો મનુષ્યના સ્વરૂપમાં હોવા છતાં હેવાન–પશુ છે અથવા એમ કહેવું જોઈએ કે તેઓ માનવી જેવા પશુ (હેવાન) છે. જેનું કારણ આયતના ખુલાસા ઉપરથી સ્પષ્ટ છે કે ન તો (તેમના ઉપર) કોઈ જુલ્મ કે બે–ઈન્સાફી છે; અને ન તો (તેમના માટે) હિદાયતનો તોટો છે (કમી છે). બલ્કે તેમણે દિલ, આંખો અને કાન વડે એ કામ લીધું નથી કે જે કામના માટે આ શક્તિઓ તેમને આપવામાં આવી હતી; અને પરિણામ એ આવ્યું કે

એવા લોકો માણસાઇના દરજ્જાથી નીચે પડી ગયા; અને હેવાન (જાનવર) કરતાં પણ વધુ ગુમરાહ (ભટકેલા) થઇ ગયા છે, કેમકે જાનવરને તો જે સ્થાન મળેલું છે તે ઉપર જ તે અટકેલ (થોભી ગયો) છે, પણ એ (ભટકેલા) લોકો તો (તેમને મળેલા) અસલ સ્થાનથી ઘણે દૂર પડી ગયા છે; અને તેમની સઘળી ખોટી ક્રિયાઓ (તેમનાં ખોટાં કામો)નું મૂળ કારણ તેમની ગફલત–તેમની બેદરકારી છે; અને શબ્દ ગફલતમાં ઘણા સમજવા લાયક ઈશારાઓ મૌજૂદ છે. જેમકે તેઓ વખતના ઈમામની હિદાયતના મૂળની તરફ (હિદાયતના અસલ સ્થાન તરફ) બેદરકાર રહ્યા – (ધ્યાન ન આપ્યું–ગણકાર્યું નહિ). માટે તેમને એ જ્ઞાન નહિ મળ્યું કે જેના હોવાથી માણસના દિલ–મગજ (વિચારશક્તિ) તથા દૃષ્ટિ અને સાંભળવાની શક્તિ ઉપર ગફલતનો પડદો નથી પડી શકતો.

આ વર્ણનને લીધે એ સઘળી મૂંઝવણો દૂર થઇ ગઇ કે ધીરજનું મહત્ત્વ અને ગુણો તથા કિંમત શું છે ? ધીરજનો સંબંધ લોકોના કેવા વર્ગ (કેવી જાતિ) સાથે છે ? ખુદાની ધીરજનો ઉલ્લેખ કુરાનમાં શા માટે નથી આવ્યો ? શું ખુદાનો ગુણ પણ ખુદાના ખજાનામાં છે, જેમકે તેની દરેકે દરેક વસ્તુ તેના ભંડારો (ખજાનાઓ)માં છે ? ફરિશ્તા અને પશુમાં ધીરજનું અસ્તિત્વ નથી, તો તેનું શું કારણ હોઇ શકે છે ? વિગેરે.

જ્યારે આપણે ધીરજને ખુદાની પવિત્ર હસ્તી સાથે સંબંધિત કરીએ છીએ તો સ્પષ્ટ છે કે તેનો એવો અર્થ નથી થતો કે જેવો બંદાની ધીરજ માટે થાય છે. બલ્કે અલ્લાહની ધીરજ અને અન્ય સઘળા ગુણો એ અર્થમાં છે કે તે વસ્તુઓ

તેના (અલ્લાહના) ભંડારમાં તેની મિલ્કીયત તરીકે છે, કારણ કે હકીકી માલિક તેજ છે; અને બીજી ખાસ વાત એ છે કે આમ તો સઘળી વસ્તુઓ અલ્લાહની છે, પરંતુ કંઇક વસ્તુઓ એવી પણ છે કે જે ખુદાથી ખાસ સંબંધ રાખે છે; જેમકે ઇલાહી કલમ, લોહે મહેફૂઝ (રક્ષિત મેજ) અરસ (તખ્ત) કુરસી, ખુદાની રૂહ (રૂહુલ્લાહ), ખુદાની રસ્સી, ખુદાનો ચહેરો, ખુદાના હાથ, ખુદાનું પુસ્તક અને ખુદાનો દીન; જેનું કારણ એ છે કે ખુદા તઆલા પોતાની હિકમતના સિધ્ધાંત પ્રમાણે ઊંચા અને ઊંચા દરજ્જાઓ અપનાવવાના નમૂનામાં લોકોને નિમંત્રણ આપે છે કે તેઓ ધરતી પરના ખલીફા (ખુદાના પ્રતિનિધિ–ઇમામે ઝમાન)ની ફરમાન બરદારીના મારફત ખુદાની નજદીકીના એ દરજ્જાઓ પ્રાપ્ત કરે.

જ્યારે આપણે અહી ઉલ્લેખાયેલી સચ્ચાઇઓના પ્રકાશમાં એ માનીએ છીએ કે ધીરજનું વર્તુળ પયગમ્બર (અ.સ.) અને મોમીનો સુધી મર્યાદિત છે, તો એ કુરાને હકીમના બીજા શબ્દોમાં હીઝબુલ્લાહ (ના બરાબર)ની વાત થઇ, હીઝબુલ્લાહનો અર્થ છે ખુદાનું લશ્કર. માટે અલ્લાહની ધીરજ તેના લશ્કરમાં છે અને અહી જ (જે કામ કરવાનું છે) તેના ઉપર અમલ થાય છે. (એટલે કે) આ ખુદાઇ ફોજ (મોમીનોનું ટોળું) પોતાના જ્ઞાન અને અમલની સઘળી શક્તિઓની સાથે હંમેશા શૈતાનના લશ્કરની વિરુધ્ધ લડતા રહે છે. આ નિત્ય (હર પળે) ચાલતી રહેતી લડાઇની શક્તિશાળી બાજુ (ભાગ) રૂહાનિયતમાં છે; અને નૂરાની ઇબાદત દરમિયાન તથા રોજ–બ–રોજની જિંદગીમાં પણ ઘમસાણનું યુધ્ધ ચાલે છે. જે ખૂબી સહિત ધીરજનો પાઠ

શીખવવાની જરૂર છે તે પણ આ મહાયુદ્ધની તૈયારીરૂપે છે કે જેથી ધીરજ અને ઇબાદતને કારણે ખુદા તઆલાની ચમત્કારી મદદ પ્રાપ્ત થાય; અને મહાન કુરાનમાં ઈશ્વરી (આસમાની–દૈવી) મદદ તથા જાહેરી સફળતા માટે એ જ બે શરતોનું વર્ણન છે. ટૂંકમાં એ કે ધીરજનો ખાસ દેખાવ (સબરનું ખાસ પ્રદર્શન) જેહાદે અસગર અને જેહાદે અકબર (નાનું ધર્મયુદ્ધ અને મોટું ધર્મયુદ્ધ)ની વેળાએ કરવામાં આવે છે, પરંતુ આજકાલ તો આ સઘળું ફક્ત જેહાદે અકબરમાં જ રાખેલું છે. (જેહાદે અકબરનો અર્થ છે મન–નફસ સામેની લડાઇ. દુનિયાની લાલચો કે જે શૈતાની બાજુ ગણાય છે તેની સામે ખુદાની આજ્ઞા મુજબ દૃઢ રહીને યુદ્ધ કરવું અને તે લાલચોને વશ ન થવું.)

પવિત્ર કુરાનમાં લગભગ (૧૦૦) સો ઠેકાણે ધીરજની હિકમત વર્ણવેલી છે; અને પ્રત્યેક હિકમતને એક મહાન વિષયના સ્વરૂપમાં ફેલાવી શકાય છે, કેમકે રૂહાની અને કુરાનની હિકમતોનું તાવીલ (ગૂઢાર્થ)માં મળતાપણું અને અર્થસભર રીતે એક હોવું એ એવું છે કે જાણે એક પાણીથી ભરેલું મોટું તળાવ. તેમાંથી ક્યાંયથી પણ પાણીની બાલ્દી ભરી ભરીને પાણી કાઢી લેવામાં આવે, તો ખાસ એ જ ઠેકાણે કે જ્યાંથી પાણી કાઢવામાં આવ્યું છે ત્યાં કોઇ જગ્યા ખાલી થાય અને આજુબાજુનું પાણી પોતાને ઠેકાણે જેમનું તેમ રહે તેને બદલે પૂરેપૂરું પાણી (ચારે તરફથી) તે બાલ્દીની તરફ પોતાની દિશા કરી લ્યે છે, તે બાલ્દીની તરફ એકધ્યાન થઇ જાય છે; અને પાણીની સપાટી સામૂહિક રીતે નીચે ઊતરે છે એનો અર્થ એવો છે કે જ્યારે હકીકતી મોમીનો પવિત્ર ઇમામની દોસ્તીના કારણે જ્ઞાન અને

હિકમતના મેદાનમાં આગળ વધે છે; અને જ્યારે દીની સચ્ચાઇ અને હકીકતની કોઇ વાત કરે છે તો તેમની સચ્ચાઇની સાક્ષી આપવાને માટે કુરાનની દરેકે દરેક આયત તૈયાર (તત્પર રહેલી) નજરે પડે છે.

કોઇ મોમીન બંદો વ્યક્તિગત રીતે એમ ક્યારેય ન વિચારે કે ધીરજ તેને કોઇ પહેલાંથી તૈયાર કરી રાખેલી વસ્તુના સ્વરૂપમાં મળશે. એવું શક્ય નથી, બલ્કે ખુદાવંદે આલમની મહાન, જબરદસ્ત, હિકમત તેમાં છે કે હોશિયાર મોમીન પોતાના વ્યક્તિત્વ, પોતાની જાતની અંદર આ આલીશાન ગુણ પૈદા કરે કે જેના માટે તેને દરેક પ્રકારની શક્તિ–કાબેલીયત અપાર્ણ કરેલી છે કે જેથી ખુદાપરસ્ત બંદામાં ખુદાની આદતો પૈદા થાય, કારણ કે તેની (ખુદાની) કેટલીય આદતને બંદાઓ દ્વારા જ જાહેર થવાનું છે, કેમકે અલ્લાહની આદતોને અપનાવ્યા વગર તેની નજદીકી પ્રાપ્ત નથી થઇ શકતી. દાખલા તરીકે ભીની લાકડી આગથી દૂર છે (તેને આગ નથી પકડતી), સૂકી લાકડી નજીક છે અને બળી રહેલી લાકડી આગમાં એક થઇ રહી છે, માટે આપણે જ્યારે એમ માનીએ છીએ ફનાફિલ્લાહનો દરજ્જો સત્ય છે અને તેનો સિદ્ધાંત–તેની માન્યતા યોગ્ય છે, તો પછી આપણને એ પણ જાણવું જરૂરી છે કે આ ફનાથી પહેલાં અલ્લાહની એ આદતોને કબૂલવી પડે છે કે જે (આલમે નાસૂત) મનુષ્યપણાની દુનિયાથી ખાસ સંબંધ રાખે છે, જેમકે ધીરજ, ક્ષમાવૃત્તિ (માફ કરવું), દયા–રહેમ વિગેરે; કેમકે બંદાની સંપૂર્ણ તૈયારી વગર 'ફના' પોતે પોતે જ સામે નથી આવી શકતી, ત્યાં સુધી પહોંચવાના માટે જ્ઞાન અને અમલની એક

કઠણ મુસાફરી છે, સખત રસ્તો છે, પરંતુ તેમાં ખુદાવંદની રહેમત (બંદાનો) હાથ ઝાલી શકે છે – મદદ કરી શકે છે.

## ગીરીયા વ ઝારી અને ખાસ દુઆ

ગીરીયા વ ઝારી ફારસી ભાષાનો એક મિશ્ર શબ્દ છે, જેમાં 'ગીરીયા'નો અક્ષરસ અર્થ છે – રોવું, આંસુ વહાવવાં; અને 'ઝારી'નો મતલબ છે – પોતાને દુર્બળ, અશક્ત અને કમજોર ગણવો; અને વ્યવહારુ રીતે આ એવી તસ્બીહ અને ઈબાદતના માટે વપરાય છે કે જે જેટલું થઇ શકે તેટલું નમ્ર, સમર્પણભાવ તથા નરમ હૃદય અને વહેતાં આંસુઓ વડે ગુજારવામાં આવે છે; અને ખાસ દુઆ એ છે કે જે ગીરીયા વ ઝારીની એવી જ હાલતમાં પોતાના માટે અથવા કોઇ અન્યના હકમાં માગવામાં આવે છે, કે જેના થકી પવીત્ર ખુદાવંદની રહેમત તથા મિત્રતા મોમીનોની મદદના માટે આવે. ખાસ દુઆનો ઉલ્લેખ અહીં એ માટે આવેલ છે કે તેનું અસ્તિત્વ, ખાસ દુઆનું હોવું એ ગીરીયા વ ઝારી ઉપર આધારિત છે અથવા તો એમ કહેવામાં આવે કે ગીરીયા વ ઝારીનું જ બીજું નામ છે.

દરેક હોશિયાર મોમીનના માટે એ હકીક્ત જરૂરી પણે જાણવી જોઇએ કે (દીને હક) સાચા મઝહબની મૂળભૂત અને મહત્ત્વની ખાસ બાબતો સદાયથી એક જ સ્થિતિ ઉપર સ્થાપયેલી રહે છે; અને તેમાં ક્યારેય કોઇ ફેરફાર (રદ્દોબદલ) નથી થયા, માટે તમો કુરાને પાકમાં વિશ્વાસ–ભરોસાની હદ

સુધી આ હકીક્ત, આ સચ્ચાઇનો અભ્યાસ કરી શકે છે કે દીનની ઘણીબધી વસ્તુઓ એવી છે કે જે આરંભથી લઇને છેવટ સુધી દરેક પયગમ્બરમાં એક જેવી રીતે જ જોવા મળે છે, કારણ કે તે જરૂરી, મહત્ત્વની અને મૂળભૂત પ્રકારની છે. એ જ મહત્ત્વતાવાળા કાર્યોમાંથી એક ગીરીયા વ ઝારી પણ છે, કે જે દરેક અંબિયા અને ઓલીયાઓની પવીત્ર આદતની હેસિયતથી ચાલી આવી છે; અને આ જગતમાં કોઇ એવો રસુલ, વલી, ખુદાનો આશિક અને ખુદાની ઓળખાણ કરનાર નથી થયો કે જેણે અલ્લાહ તઆલાનો રાજીપો મેળવવાને માટે ગીરીયા ન કરી હોય.

કુરાનમાં હઝરત આદમ (અ.સ.)થી શરૂ કરીને જ્યાં જ્યાં તૌબાનો ઉલ્લેખ છે ત્યાં તમો ક્યારેય, હરગીઝ, એવો વિચાર નહિ કરજો કે વહેતા આંસુઓ વગર સૂકા સૂકા, લુખ્ખા શબ્દોની કોઇ તૌબા કબૂલ થઇ શકે છે, જ્યારે કે તૌબાની રૂહ શરમીદગી અને પસ્તાવો છે અને પસ્તાવાનો અમલ છે ગીરીયા વ ઝારી.

કુરાનના પ્રતિબિંબમાં અંબિયા તથા ઓલીયાઓ (અલૈહિમુસ્સલામ)ના અમલ (કાર્ય કરવાની રીત)ના નમૂનાના ચમકતા–પ્રકાશિત ચહેરાને જોવાથી એ સત્યવસ્તુ (હકીકત) સ્પષ્ટ થઇ જાય છે કે મનુષ્યના અસ્તિત્વ (માણસની હસ્તી)માં આંસુ (અશ્રુ)ઓના અમૂલ્ય અને કીમતી મોતીઓનો ભંડાર આ મહાન હેતુના માટે જ પેદા કરવામાં આવ્યો છે કે આ પાણીદાર મોતીઓ ફક્ત અને ફક્ત મૌલાના ખાતર જ (મૌલાની રાહમાં) ન્યોચ્છાવર કરવામાં આવે, વિખેરવામાં આવે કે જેના માટે ઘણા

પ્રસંગો છે, પણ આ સંબંધે સૌથી મોટી કુરબાની એ છે કે ખુદાવંદી આયતો, ખુદાના ફરમાનો મનમાં ઉતારીને (તેની અસરને મન ઉપર લઈને) અશ્રુભીની આંખો કરી લ્યે (આંખમાં આંસુ લઇ આવે) અને નમ્ર, આજીઝીવાળા તથા ખુદાના આભાર અને શુકરગુઝારીનાં એ અશ્રુઓની સાથે સાથે આજીઝી ભરેલા બંદા તરીકે બંદગીના સિજદામાં જઈને રહે, અર્થાત અશ્રુઓ વડે કામ લેવાની સૌથી (મોટી ઉત્તમતા) મહાન ખૂબી એ વાતમાં છે કે તે કુરાન અને ઈમામ બંનેના (પ્રેમની) અસર હેઠળ વહાવી દેવામાં આવે, કારણ કે ખુદાની નિશાનીઓ (એટલે કે મોઅજીઝાઓ)ની એ મૂળભૂત બાબતો, એ અસલ હકીકતો કે જે મોમીનોના સામે છે તે આ જ બે બાબતો, આ જ બે હકીકતો છે; અને અમો અત્રે જે કંઇ કહી રહ્યા છીએ તે કુરાને શરીફની આયતો ૧૭/૧૦૯ અને ૧૯/૫૮ના સંદર્ભમાં (તેના પ્રકાશમાં) કહી રહ્યા છીએ.

પવીત્ર કુરાન મૂંગી આયતો (ચૂપ રહેનાર આયતો)નું અસલ સ્થાન છે અને પવિત્ર ઈમામ બોલનારી આયતોનું. અને આયતનો મૂળ અર્થ છે ચમત્કારો અથવા મોઅજીઝાઓ. આ પ્રમાણે ઈમામતના દરજ્જાના જાહેર અને બાતિનનું કોઈ સ્થાન એવું નથી કે જેમાં (આંતરચક્ષુ) અંદરની દૃષ્ટિ (રૂહાની નજર)વાળા મોમીનોના માટે ચમત્કારો - મોઅજીઝાઓ જાહેર ન થતા હોય, કારણ કે ઈમામે ઝમાન, ખુદા (કે જે એક જ છે)નો સ્વતંત્ર - નૂર (સ્વાધીન પ્રકાશ) છે જેને લીધે નૂરાનીયતની અંદર તેની સાથે મોઅજીઝાઓ (આયાતો)નું જોડાણ (તેનો સંબંધ) એવી રીતનું છે કે જાણે સૂર્યની સાથે કિરણોનું, પણ

આ વાત સદાના માટે યાદ રહે કે દરેક વસ્તુનો ક્રમ (તેની વ્યવસ્થા) હોય છે, તે જ પ્રમાણે મોઅજીઝાઓનો પણ ક્રમ (એક પદ્ધતિ) છે, એટલે કે મોઅજીઝાઓ એક પછી બીજા ક્રમમાં (પગથિયા વાર) હોય છે. દાખલા તરીકે ધરતીથી (પૃથ્વીથી) લઇને ઊંચા આકાશ સુધી અજબ ગજબના મોઅજીઝાઓની સીડી (પગથિયાઓ) લાગેલી છે, જેનો માર્ગ કુરાનની સ્પષ્ટતા મુજબ જાહેરી રીતે ૫૦,૦૦૦ (પચાસ હજાર) વર્ષનો છે, જુઓ કુરાનમાં "અલ મેઅરાજ" (૭૦/૪ ) કે જે (પગથિયા)ના (માર્ગ) દ્વારા ફરિશ્તા તથા રૂહ (જીબ્રઇલ) એક દિવસમાં તેની તરફ ચઢી જાય છે કે જે (દિવસ)નો અંદાજો પચાસ હજાર વર્ષનો છે. આનો અર્થ એ થયો કે અંબિયા તથા ઇમામો (અ.સ.)ના પગલે (તેમના દેખાડેલા માર્ગ ઉપર) ચાલનારા મોમીનોમાંથી જેઓને મા'રફતની મેઅરાજના છેલ્લા તબક્કા સુધી પહોંચી જવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય છે તેઓનો મોઅજીઝાઓ (ચમત્કારો)ના અનુભવો મેળવવા સંબંધેનો ખુલાસો મનુષ્યની પચાસ હજાર વર્ષની જિંદગી ઉપર ફેલાવી શકાય છે. આ તો મોઅજીઝાઓના ક્રમ–પદ્ધતિ અને પુષ્કળ પ્રમાણમાં હોવાની વાત છે. પરંતુ અફસોસ છે લોકો મોઅજીઝાઓના સિદ્ધાંત અને ક્રમને નથી સમજતા અને તેની ચાવીઓને કબૂલ નથી કરતા; અને પછી અચાનક વચલા દરજ્જાના અથવા ઊંચા દરજ્જાના મોઅજીઝાઓની માગણી કરે છે કે જે ખૂબ જ (ભયંકર) જોખમવાળું કામ છે.

એ સવાલનો જવાબ કે "સિદ્ધાંત અને ક્રમ વગર કોઇ મોઅજીઝો કેવી રીતે નાશ અને બરબાદીનું કારણ થઇ શકે

છે ?" અને "શું પહેલાંના જમાનામાં કાફરોએ પોત પોતાના પયગમ્બરોથી એવા જ ભયંકર મોઅજીઝાઓની માગણી કરી હતી ?" હા માં છે. તેઓ ખૂબ જ મોટી ભૂલમાં અને માર્ગથી ભટકેલા હતા, કેમકે મુન્કીરો એટલે કે કાફરોએ પોતાની અજ્ઞાનતા તથા નાદાનીને લીધે એવા મોટા મોઅજીઝાની શરત લગાડી કે જેને સહન કરી શકવાની તેમનામાં શક્તિ નહોતી. પછી તે મોઅજીઝાએ તેમનો પોતાની ભૌતિક શક્તિ થકી અથવા તો અમલી તાકાતને લીધે નાશ કર્યો; અને મોમીનોએ સમયના હાદી (જમાનાના ઈમામ)ની તાબેદારી તથા મહોબ્બતને પોતાની આદત – પોતાની પસંદગીનું કામ બનાવી રાખેલ, તેથી તેમને સૌથી પહેલેં તો ઝીકર અને ઈબાદત–બંદગી થકી ખૂબ જ જબરદસ્ત મજા–આનંદ મળ્યાનો મોઅજીઝો તથા ગીરીયા વ ઝારીનો મોઅજીઝો થવા લાગ્યો, જેના થકી ધીરે ધીરે તેમની રૂહાની પાકીઝગી–પવીત્રતા થઈ અને બાતિની આંખો પ્રકાશિત થઈ ગઈ. પછી તેઓ ઊંચા ક્રમવાળા મોઅજીઝા જોવા અને તેનો ભાર ઉપાડવા (ભાર સહન કરવા)ને શક્તિશાળી થઈ ગયા. હવે આમાં કુદરતના સિદ્ધાંતનો શું વાંક હોઈ શકે છે.

આ વર્ણનથી એ હકીકત સ્પષ્ટ થઈ ગઈ કે દીન–મઝહબમાં ગીરીયા વ ઝારીનું ઘણું મોટું મહત્ત્વ છે, કેમકે તે ન ફક્ત ખાસ દુઆના અર્થમાં છે, પરંતુ તે તૌબાની મૂળભૂત શરતની હેસિયતમાં પણ છે. આ પ્રેમનું ગીત પણ છે અને ઔલીયાઓની ઈબાદત પણ. આ ખુદાથી ડરવાની–ખુદાની બીક રાખવાની સાબિતી પણ છે અને શુકર ગુઝારી (આભાર દર્શન)ની દલીલ પણ. આ હકીકી (સાચી) મહોબ્બતનું સાધન

પણ છે અને નૂરાની દીદાર્નું સાધન પણ છે. આમાં (હૃદય) દિલની પવીત્રતા પણ છે અને રૂહની તાજગી પણ છે. આ એક મીઠી મીઠી હિકમત ભરેલી વેદના પણ છે અને એ સ્વાદિષ્ટ દવા પણ છે; અને આ સઘળી ઉચ્ચ દરજ્જાની ખૂબીઓને કારણે ગીરીયા વ ઝારી સૌથી ઊંચી ઈબાદત છે, માટે તે તેના સઘળા અર્થ સઘળા હેતુઓ સહિત (રબ્બુલ ઈઝઝત) અલ્લાહના દરબારમાં કબૂલ થઇ જાય છે.

ગીરીયા વ ઝારી તથા નમ્રતા અને આજીઝપણાના અમલને લીધે અસંખ્ય રૂહાની ફાયદાઓ મળવાનું અસલ કારણ એ છે કે મનુષ્ય જોકે પોતાના બાતિનને એ મુજબ પવીત્ર નથી કરી શક્તો કે જે રીતે કોઇ મશીનરીના બહારના ભાગને સાફ કરે છે અથવા તે (મશીન)ના અંદરના ભાગ-અંદરના ટુકડાઓને ખોલી ખોલીને સાફ કરવામાં આવે છે, પરંતુ તે જ્યારે પણ ઇચ્છે ત્યારે પોતાના ઉત્તમ વાણી અને કાર્યના જોરદાર અસરને લીધે હૃદય-દિલ અને જાનને પવીત્ર કરી શકે છે, કેમકે તે ખુદાની વિશાળ (ખૂબ વધારે) રહેમત થકી એવી એવી શક્તિઓ અને ગુણોના માલિક છે કે જેના લીધે દિલ અને મનની પવીત્રતા કરવાનું કામ ખૂબ સારી રીતે અને પૂરી શક્તિથી કરી શકે છે; અને એ જ રીતે તે જાહેર અને બાતિનમાં પાક અને પવીત્ર થઇ શકે છે.

જે પ્રમાણે વર્ણન કરવામાં આવેલ છે કે ગીરીયા વ ઝારી એક ખૂબ જ શક્તિશાળી અને અસરકારક (વર્તન અને વાણી) બોલ અને અમલ છે, જે હૃદયમાંથી દરેક પ્રકારના ડાઘ (ભ્રષ્ટતા)ને ધોઇને સાફ કરે છે; અને હકીકી મોમીનો ગીરીયા

વ ઝારી અને મુનાજાત (વખાણ કરવા)ના માટે જે જે શબ્દો વાપરે છે, તે ધીરે ધીરે કુદરતી રીતે હૃદયના ઊંડાણમાંથી નીકળવા લાગે છે. એટલે સુધી કે તેમાં રૂહાની મદદની ઝલક નજરે પડે છે (રૂહાની મદદનો આભાસ થાય છે), એટલે કે ફરિશ્તાઓ તેમાં મદદ કરે છે; અને તે વખતે મોમીન બંદો, તૌફીક (ખુદાઇ મદદ), રૂહાની હિદાયત, (ઇલ્કાએ ઇલ્હામ), પ્રેરણા અને (ઔલીયાઇ વહી) વહી મેળવનાર અર્થાત ઇશ્વરી સત્ય જાહેર કરનારનાં સ્થાનોમાંથી કોઇ એક સ્થાન ઉપર હોય છે.

સામાન્ય લોકો વહીના સંબંધમાં જે કંઇ પણ જાણકારી ધરાવે છે તે ખૂબ જ મર્યાદિત છે, બહુ જ થોડી છે. જ્યારે કે ખાસ લોકો એના (વહીના) ઘણા ભેદ-મર્મને જાણે છે. વહીનો એક પ્રકાર એ પણ છે કે જે અત્યંત પવીત્ર, મહોબ્બતભરી, પ્રેમભરી ગીરીયા વ ઝારીની સપાટીએ નાઝિલ થાય છે; અને એ જ શબ્દોના જાહેર અને અને બાતિનમાં કાયમ રહે છે (કે જે શબ્દો) ગીરીયા વ ઝારીમાં મુનાજાત તરીકે (ખુદાના વખાણ તરીકે) વપરાયા હતા; અને આ પયગમ્બર તરીકેના દરજ્જાની વાત છે. એનો અર્થ એ થયો કે વહી પણ તો ઇશ્વરી જીભથી બહાર આવે છે (પ્રગટ થાય છે); અને ક્યારેક તે બંદાની જીભનો પણ ઉપયોગ કરે છે, જેનું ઉદાહરણ આપણે કુરાન અને ઝબૂરથી લઇ શકીએ છીએ કે કુરાનમાં અલ્લાહ તઆલા બંદાઓને સંબોધે છે અને ઝબૂરમાં બંદા ખુદા તઆલાથી મુનાજાત કરી રહ્યા છે, છતાં તે પુસ્તક પણ આસમાની વહીની હેસિયતથી છે, જોકે જાહેરમાં ભલે તે હઝરત દાઉદ (અ.સ.)ના મારફત (તેની જીભ દ્વારા) છે.

આ એમ કેમ છે કે ગીરીયા વ ઝારી ધીરે ધીરે એટલી પ્રગતિ કરે છે, એટલી આગળ વધે છે કે અમુક દ્દષ્ટાંતોમાં તે આસમાની વહીનું રૂપ ધારણ કરી લ્યે છે અથવા તેના નજીક સુધી જાય છે ? અથવા તો એમ પૂછવું જોઇએ કે શા માટે અલ્લાહ તઆલા અથવા ફરિશ્તા એક આજીઝ (નમ્ર) બંદાની જીભ વડે બોલવાનું પસંદ કરે છે ? જવાબ છે કે મોમીન બંદાનું હુંપણું (અના) ખાસ ઝીકરને લીધે નાશ પામી જાય છે અથવા તો ગીરીયા વ ઝારીને લીધે આ વસ્તુઓને કારણે જ્યારે ખુદાઇ નૂરાનીયત હૃદયમાં આવે છે, તો ખુદી એટલે કે હુંપણાનું અંધારું ચાલ્યું જાય છે.

આ બધાં ગીરીયા વ ઝારીનાં વખાણ અને તેની મોટાઇ છે કે જે મનુષ્યના હૃદયને ધોઇને અને નીચોડીને મૂકી દે છે કે જેથી પવીત્ર રૂહ તેને ઉપયોગમાં લઇ શકે અને પાક-પવીત્ર રૂહમાં જ રૂહાનીયતના સઘળા મોઅજીઝાઓ છુપાયેલા છે; અને અહી શબ્દ "કુદસ" એટલે કે પવીત્રમાં અતિશય પાકીઝગીની કલ્પના રજૂ કરવામાં આવી છે, જેનો સાફ ઇશારો એ છે કે મોમીન બંદા પોતાને દરેક પ્રકારની ગંદકી અને ડાઘ-અપવીત્રતાથી પાક-સાફ રાખે ; અને એ પણ જાણે કે પવીત્ર રૂહ, ઇમાનના વિરોધીઓની સાથે દિલી મિત્રતા રાખનારાઓથી દૂર રહે છે. (કુરાનમાં રૂહાની મદદ સંબંધે ઝીકરમાં જુઓ).

ગીરીયા વ ઝારી, શૈતાન અને નફસે અમ્મારાની સામે જેહાદે અકબર એટલે કે મોટી જેહાદ ( મહાન ધર્મયુદ્ધ) છે, જેને લીધે શૈતાન દૂર થઇ જાય છે અને નફસે અમ્મારા

(વાસનાવાળું મન) અર્ધું મૃત્યુ પામે છે, અર્ધું મરી જાય છે. આમ ગીરીયા વ ઝારીની વારંવાર જરૂરત રહે છે, જ્યાં સુધી મોમીન બંદાને નજાત (છૂટકારો-મોક્ષ) મળે. એમાં કોઇ શંકા નથી કે અશ્રુઓની કુરબાની થકી મોમીન બંદાની નીતિ (સદાચાર-સારાં કામ કરવાની) સંસ્કારની શક્તિમાં વધારો થાય છે. ફરિશ્તાઓ અને પવીત્ર રૂહોને આવીને બાતિની સફાઇ કરવાની તક મળે છે. આસમાની (ઉચ્ચ) રહેમત તથા દરૂદ નાઝિલ થાય છે. ચહેરા ઉપર એક (ગૌરવભર્યો પ્રકાશ) તેજસ્વી પ્રકાશ ચમકે છે. અરસપરસ ભાઇચારો અને પ્રેમ વધે છે, (ફેલાય છે) અને હૃદયના (દર્પણમાં) અરીસામાં રૂહાની તજલ્લીઓ (રૂહાની પ્રકાશનાં સ્વર્ગીય દ્રશ્યો)ની ખુશખબરી મળે છે.

એક દૂધ પીતું બાળક કે જે બોલી નથી શકતું તે ગીરીયા (રડવા)થી કામ લઇને મહેરબાન માતાના સઘળા પ્રેમ અને મહેરબાનીઓને પ્રાપ્ત કરી શકે છે; અને તેના રડવામાં એટલી જબરદસ્ત અસર છે કે તેના થકી માતાના હૃદયને કે જે શરીરમાં (છાતીમાં) રક્ષિત-બંધ કરેલું હોય છે તે છતાં તેને મોટો ધક્કો લાગે છે, જેના થકી પ્રેમથી ભરેલ તે માતાને (બાળક ઉપર) ખૂબ જ રહેમ આવે છે; અને અફસોસ થાય છે કે તેનું વહાલું બાળક કેટલી વાર સુધી રડતું રહ્યું હતું.

જો માની લેવામાં આવે કે હૃદય (દિલ) ધરતીની જેમ પોતાના પ્રકારના ઉત્પાદનનું મૂળ છે - કોઇક વસ્તુ ઉત્પન્ન કરે છે, તો પછી તેમાં રૂહાનીયતના બાગ-બગીચા ઉત્પન્ન કરવાને માટે હમેશાં વિશ્વાસ, સચ્ચાઇ, શુદ્ધ ભાવ અને પ્રેમના અશ્રુઓનું પાણી જોઇએ. અગર જો તમારું કહેવું એમ છે કે દિલ લોખંડ

જેવું સખત છે, તો તેને પીગળાવીને કોઇ ફાયદાવાળી અને ઉમદા વસ્તુ બનાવવાને માટે ગીરીયા વ ઝારી અને હકીકી ઇશ્કનો અગ્નિ જોઇએ. અગર જો હૃદય (દિલ) કોઇ એવી વસ્તુના સમાન છે કે જેને વારે ઘડીએ ધોવાની જરૂરત પડે છે, તો તેમાં પણ એ જ અશ્રુઓનું પાણી જોઇએ; અને જો દિલ જીવન–હયાતી અને બાકી રહી જનાર વસ્તુઓનો સમુદ્ર છે અને અશ્રુ તેમાં રહેલ મોતી છે, તો તે માટે પણ એવો જ અમલ જરૂરી છે (એટલે કે ગીરીયા વ ઝારી જરૂરી છે) કે જેથી તેજસ્વી કાંતિમાન મોતીથી શાહોના શહેનશાહની તેને યોગ્ય (તેના લાયક) મહેમાનનવાઝી કરી શકાય.

જ્યારે હવાના આધાર ઉપર ભારી વાદળાં વાતાવરણ ઉપર છવાઇ જઇને વસંત ઋતુની વર્ષા કરે છે, તો તેમાં એક તરફ તો બાગ–બગીચાઓને ભીંજવનારી તાજગીનું મનમોહક દ્રશ્ય હોય છે; અને બીજી તરફ વૃક્ષોનાં પાંદડીઓ તથા ફૂલોની પાંખડીઓ ઉપર પાણીનાં બિંદુઓનાં ચમકતાં મોતીઓની વણઝાર. આ મોમીન બંદાના તે પાક અને પવીત્ર અશ્રુઓનું એક ઉમદા ઉદાહરણ છે (રૂપ છે) કે જે બરહક ઇમામના પવીત્ર પ્રેમમાં વરસી પડે છે.

તમોએ કુદરતના અભ્યાસ સંબંધે જરૂર એ વિચાર્યું હશે કે વરસાદનું મૂળ ક્યાં છે અને એ (વરસાદ) ત્યાંથી કેવી રીતે આવે છે. જી હા, તેનું મૂળ તો સમુદ્ર છે, પણ વરસાદના માટે સૂર્યનો ચમત્કાર ખૂબ જ અજબ અને મહાન છે કે એ સમુદ્રની સપાટી ઉપર ગરમ કિરણો વરસાવે છે; અને પાણીના ઘણા મોટા જથ્થાને હદથી પાતળા સ્વરૂપમાં લાવીને વરાળ અને

પછી વાદળાંના સ્વરૂપમાં ઊંચા કરી દયે છે (ઉપર લઇ જાય છે) અને વાતાવરણમાં ફેલાવી દયે છે, જેમાં જાહેરી રીતે હવાની સહાય હોય છે, પણ મૂળ રીતે (અસલમાં) હવાનું હલનચલન પોતે જ સૂર્યના કારણે છે; અને આ પ્રમાણે સૂર્ય જ છે કે જે આ સઘળાં કાર્યો કરે છે, જેના પરિણામે વરસાદ વરસે છે. એ જ સ્થિતિ (એ જ હાલત) મોમીન બંદાના રૂહાની વરસાદની પણ છે કે જેનાં સઘળાં સાધનો નૂરને કારણે જ કામ કરે છે કે જે રૂહાનીયતની દુનિયાનો સૂર્ય છે, માટે ઇમામતના નૂરનો વિચાર અને કલ્પના તેના ઝીકર અને ફીકર અને પ્રેમ તથા મહોબ્બતનું દૃષ્ટાંત એવું છે કે જેમ બાતિની સૂર્યની ચમકદાર-તેજસ્વી કિરણો મોમીન બંદાની હસ્તીના સમુદ્ર ઉપર પડી રહ્યાં છે, જેને કારણે હૃદય (દિલ) અને (દિમાગ-મગજ)ના આકાશમાં નૂરાની દીદારની લાગણીઓના કાળા વાદળાઓ છવાઇ જાય છે અને પછી આંખોના રસ્તે અશ્રુનાં મોતી વરસવા લાગે છે, જેમાં રૂહ અને રૂહાનીયતની આબાદી છે.

અહીં એક વધુ મહત્વનો સવાલ ઉદ્‌ભવે છે, કે જે સદ્‌ભાગી મોમીનનું બાતિન ઉપર જણાવેલ કાર્ય-સાધનને લીધે ધોવાઇને સાફ થઇ જાય છે, તો વ્યક્તિગત અને ખાસ ઝીકર તથા ઇબાદત ઉપરાંત તેમને શું શું કરવું જોઇએ? જેનો જવાબ છે કે, કારણ કે સમય (ખાસ ઝીકર તથા ઇબાદત) રહેમતો અને બરકતો નાઝિલ થવાનો છે અને (એ સમયે) દુઆમાં કબૂલ થવાની તક હોય છે, તે માટે એ (મોમીન) જગતના સઘળા મોમીનોના હકમાં નેક દુઆઓ માગ્યા કરે, છતાં પણ આ તો એક સામાન્ય વાત છે; અને તેમાં કોઇ તકલીફ નથી,

માટે એવા મોકા ઉપર એ હકીકી મોમીનની મહાન્ કુરબાની એ હશે કે તે ન ફક્ત પોતાના પ્રીયજનોના માટે જ ખાસ ખાસ દુઆઓ માગ્યા કરે, પણ સાથે સાથે જ એવા દીનદારોના માટે પણ ભલું ઇચ્છે અને નેક દુઆઓ માગે, જેમનાથી તે જાહેરમાં અથવા બાતિનમાં નારાજ છે, જેથી કરીને આ મહાન ન્યામતની શુકરગુઝારીનો હક દરેક પ્રકારે અદા થઇ જાય; અને અલ્લાહ પાક રાજી થઈને વધુ ન્યામતો અપર્ણ કરે.

## નિંદ્રા વિષે મહત્ત્વના મુદ્દાઓ ઈબાદત સાથે સંકળાઈને

ઈબાદત અને બંદગીના સંબંધમાં નિંદ્રા એક મોટું અંતરાય (મોટી આડખીલી) બની જાય છે, જેથી એ જરૂરી છે કે અક્કલવાળો મોમીન નિંદ્રાની હકીક્તોને સારી રીતે સમજી લ્યે.

નિંદ્રા ઉપર તબીબી તથા વિજ્ઞાનના દષ્ટિકોણથી ચિંતન–વિચાર કરવામાં અને ધાર્મિક તથા રૂહાની રીતે ચિંતન–વિચાર કરવા વચ્ચે મોટો તફાવત જોવા મળે છે. સૌથી પ્રથમ જુદા જુદા પ્રકારના જાનવરોમાં નિંદ્રાનો અભ્યાસ કરવો જોઈએ કે જેથી એ વાત સ્પષ્ટ થાય. નિંદ્રાનો મામલો એટલો જરૂરી નથી કે જેટલો સામાન્ય રીતે સમજવામાં આવે છે, કેમકે અમુક જનાવરો એવાં છે કે જે ગાઢ નિંદ્રામાં સુવે છે, જેમ કે સસલું આ બાબતમાં પ્રખ્યાત છે; અને અમુક જનાવરો એવાં પણ છે કે જે જાગતાં રહે છે જેમકે ઘોડો. હવે એનાથી એ સવાલ ઉત્પન્ન થઇ જાય છે કે ઘોડો કે જે સખત કામ કરે

છે અને તેના પ્રમાણમાં સસલું કંઇ પણ નથી કરતું તેમ છતાં પણ શું બાબત છે કે સસલાના માટે નિદ્રા આટલી જરૂરી છે અને ઘોડાના માટે એટલી જરૂરી નથી ? આમાં અલ્લાહ તઆલાના તરફથી મનુષ્યના માટે એક ઇશારો છે કે જો માણસ ઇચ્છે તો સસલાના જેવી નિદ્રામાં સૂઇ શકે છે અથવા ઇચ્છે તો ઘોડાની જેમ જાગૃત રહી શકે છે, કારણ કે માણસમાં જગતભરનાં જાનવરોનાં તત્ત્વો રહેલાં છે. ખાસ ભાષામાં એમ કહેવું જોઇએ કે તેની (માણસની) આદત બદલાઇ શકે છે અને તેથી વધીને ખાસ ભાષામાં એમ કહેવું જોઇએ કે તેની રૂહ બદલાઇ શકે છે. કારણ કે મનુષ્યની રૂહની ઉન્નતિ અને ઊંચે ચડવાના માટે કેટલાંય દરજ્જાઓ નિયુક્ત કરેલા છે, જે છે વનસ્પતિની રૂહ, હેવાની (જાનવરની) રૂહ, માનસિક રૂહ અને પવીત્ર રૂહ.

અત્રે આપણે ફક્ત હેવાની રૂહના વિષે વાત કરીએ છીએ, કેમકે નિદ્રાનો સંબંધ તેનાથી જ છે. શબ્દ "હેવાન" સઘળાં જાનવરોમાં સામાન્ય–એક જેવો છે. આ સ્થિતિમાં માણસની હેવાની રૂહનો શો અર્થ હોઇ શકે છે ? શું એનો અર્થ સસલા જેવા જાનવર જેવી રૂહ છે કે જે ઘણું કરીને (લગભગ હંમેશા) ગાઢ નિદ્રામાંજ રહે છે અથવા તો (તેનો અર્થ) ઘોડા જેવા જાનવર જેવી રૂહ છે કે જે નિદ્રા વગર રહે છે ? એ ફક્ત મનુષ્યની આદત અને તેના કામ જોઇને જાણાઇ આવશે.

એ ઘણી વિચિત્ર વાત છે કે જોકે માનસિક અને શારીરિક કામ કરીને દરેક લોકો થાકી જાય છે, છતાં નિદ્રાની

બાબતમાં તે સર્વેની આદતો જુદી જુદી હોય છે, જોકે તેમનાં શરીરો એક જેવાં હોય છે. એટલે કહેવાનું એમ છે કે અમુક લોકો ઘણું ઓછું સૂવે છે અને અમુક લોકો વધારે. આથી આગળ ચાલતાં ચાલો હવે આપણે ફક્ત એક જ માણસનો દાખલો લઈએ કે તે અમુક સ્થિતિમાં ખૂબ જ ઓછો સૂવે છે (ઓછી નિંદ્રા લે છે), અમુક વખતે બહુ જ વધારે સૂવે છે અને અમુક વખતે તે બિલકુલ સૂઈ જ નથી શકતો, દાખલા તરીકે જ્યારે તે એક બહુ જ મોટી રકમ સાથે લઈને મુસાફરીએ જઈ રહ્યો હોય, એવી સ્થિતિમાં જ્યારે તે અજાણી જગ્યાઓ ઉપર રાત વિતાવતો હોય છે, ત્યારે તેને એ ડરને લીધે નિંદર નથી આવતી કે ક્યાંક ચોર તેના પૈસા–રૂપિયા ચોરી ન જાય.

કામિલ એટલે કે સંપૂર્ણ જ્ઞાન ધરાવનાર (સર્વે કાંઈ જાણનાર) મનુષ્ય (અર્થાત ઈમામ) સિવાય કંઈક એવા મોમીનો પણ હોય છે કે જે ખૂબ જ ઓછી નિંદ્રા લ્યે છે, છતાં પણ તેઓનો આરામ કરવાનો હેતુ પૂરો થઈ જાય છે (એટલે કે ખૂબ ઓછી નિંદ્રા લેવા છતાં તેમને ફરી સ્ફૂર્તિ મળી જાય છે), કારણ કે તેમની રૂહ એક ગાફેલ (ગફલતમાં પડેલા અથવા ભટકેલા) માનવીની રૂહથી જુદી હોય છે; અને એ જ કારણે એવી રૂહો નિંદ્રા અને આરામની જરૂરતને ખૂબ જ ઓછા સમયમાં પ્રાપ્ત કરી શકે છે. શું આ સર્વશક્તિશાળી ખુદાવંદના માટે અશક્ય છે કે પોતાની પસંદગી પામેલા (પોતાને સારા લાગતા હોય) એ બંદાઓને નિંદ્રાથી મુક્ત કરી દયે? અથવા તેઓને ગફલતની નિંદ્રા (ગાઢ નિંદ્રા કે જે ખુદાની બંદગીથી દૂર કરી દેતી હોય તે)થી દૂર કરીને માકક્સરની નીયમિત પ્રકારની

નિંદ્રામા સૂઇ જવાના આદી બનાવી દયે? અહી આ બાબતમાં વધુ વિચાર કરવાની જરૂરત છે, કેમકે અહી એક મહાન ભેદ છુપાયેલો છે. મહાન પયગમ્બર (સ.અ.સ.) અને ઇમામ (અ.સ.)ના ચારિત્યો અને તેમના ગુણોમાં આવા સઘળા સવાલોના જવાબો મૌજૂદ છે કે જે શારીરિક અને ઇન્સાનિયત (જીસ્માની તથા મનુષ્યપણા બાબત)ના વિષયમાં ઉદ્દભવે છે. આ પવીત્ર હસ્તીઓના જીવન-કર્મના નમૂનાઓ કુરાન અને રૂહાનીયત બંનેમાં મૌજૂદ છે. પવીત્ર કુરાનમાં અલ્લાહ તઆલા પાક રસૂલ (સ.અ.સ.)ના પવીત્ર ગુણો-પવીત્ર ચાલચલગત બાબત ઉલ્લેખ ફરમાવે છે, જેના થકી એ સ્પષ્ટ થાય છે કે પયગમ્બર સાહેબ (સ.અ.સ.) મોમીનો અને પરહેઝગારોના સરદાર હતા. હવે હઝરત પયગમ્બર (સ.અ.સ.) શારીરિક જીંદગીના લીધે એક એવા સ્થાન ઉપર ઊભેલા હતા કે જ્યાં મનુષ્યના સ્વાભાવિકપણાનો છેવટનો ભાગ હોય છે; અને જ્યાંથી ફરિશ્તાઓની સ્વાભાવિક્તા (સ્વભાવ-ફિતરત) શરૂ થાય છે. આ વાત એ કારણે આવે છે કે આપ માનવંત સાહેબ (સ.અ.સ.) લોકોના કામ-અમલ વિષેના માર્ગદર્શક અને હાદી હતા. નહિ તો જો વ્યક્તિગત રીતે જોવામાં આવે તો તો તેવાણ સાહેબ ફરિશ્તાઓ કરતાં પાણ આગળ હતા; અને તેવાણના સાચા વારસદાર (એટલેકે ઇમામ) પાણ એવા જ છે. તો આનો અર્થ એ થયો કે સંપૂર્ણ માનવી (ઇમામ અથવા પયગમ્બર)ના રસ્તા ઉપર ચાલવાથી ઘણું બધું પ્રાપ્ત કરી શકાય છે. માટે નિંદ્રા એ કોઇ એવી વસ્તુ નથી કે જેના ઉપર મોમીન કાબૂ ન પામી શકે. કુરાન મુજબ (૭૮/૯) નિંદ્રા એ તો "સુબાત" છે (અર્થાત આરામ-શાંતિ) પાણ એ જરૂર જાણી

લેવાનું છે કે નિદ્રાનો ઇશારો ગફલતની નિંદર (કે જે જાનવરોની જેમ સૂઇ રહેવા બરાબર થાય) તરફ નથી, પણ એનો અર્થ છે મોઅજીઝા–ચમાત્કારિક નિંદર કે જેનો ઉલ્લેખ કુરાનમાં એક અન્ય ઠેકાણે "નુકાસ"ના શબ્દ વડે થયેલો છે (૮/૧૧) કે જે ઝાકીર એટલે કે ઝીકર કરનાર બંદા ઉપર ઝીકર કરતી વખતે અસર કરતી હોય છે. આ પ્રકારની નિંદ્રાથી (મહેવિયત અને ફનાઇય્યત) સર્વે કાંઇ ભૂલી જવું અને ફના થઇ જવું–અદૃશ્ય થઇ જવું એ અસર પેદા થાય છે, જેના પરિણામે મોમીન બંદો દુનિયા અને દુનિયામાંની સઘળી વસ્તુઓને ભૂલી જાય છે, એટલે સુધી કે પોતાની હસ્તી–પોતાના વ્યક્તિત્વને પણ ભૂલી જાય છે; અને ફક્ત ખુદાની જ યાદ નિરંતર અને બાકી રહે છે; અને હૃદય તથા મગજ (દિલ અને દિમાગ)માંથી બાકીનું બધું ભૂંસાઇ જાય છે.

મનુષ્યમાં જે કુદરતી આવડતો–ખૂબીઓ મૌજૂદ છે તેના બે બે છેડાઓ હોય છે. એક છેડો ખુદાની તરફ હોય છે અને બીજો છેડો ઇન્સાનની તરફ. આવડત અને શક્તિનો જે છેડો ખુદાની તરફ છે તે ખૂબ જ વધારે અતિશય હિકમત ભરેલો, ઉચ્ચ–આલીશાન, પાક–પવિત્ર અને આનંદ દેનારો હોય છે; પણ મનુષ્યના હાથમાં જે છેડો છે તે ખૂબ જ ડાઘવાળો–અપવીત્ર અને અંધકારમય છે કે જેને સુધારણા અને પવીત્ર કરવા–ધોવા–સાફ કરવાની બેહદ જરૂરત છે; અને તે થવું શક્ય છે.

બીજા શબ્દોમાં એમ કહેવું જોઇએ કે મનુષ્યની સઘળી આવડતો અને શક્તિઓનાં બે પાસાં હોય છે. એક

પાસું ભલાઈનું અને બીજું બુરાઈનું. એ જ પ્રમાણે નિંદ્રાનાં પણ બે પાસાં છે; અને દાના–અક્કલવળો મોમીન નેક પાસાને સારી રીતે ઓળખે છે અને ખરાબ પાસાથી પોતાને બચાવી લ્યે છે કે જેથી દરેક કાર્ય હિકમતની જરૂરત પ્રમાણે પૂરું થાય.

યાદ રહે કે નિંદ્રાનો આ વિષય સ્વપ્નાઓના વિષયની સાથે સંબંધ રાખનારો છે.

## સ્વપ્નાઓનું જગત

એ વાતમાં કોઈ શંકા નથી કે નિંદ્રા અને સ્વપ્ન ખુદા તઆલાની વિચિત્રતાઓ માંહિની છે. જો તમે ઈચ્છો તો તેના સંબંધે કુરાનમાં આવેલી ખુદાના તરફથી ઉતરેલી આયતોમાં જોઈ શકો છો.

(૧) સ્વપ્નાઓની દુનિયા સામાન્ય સ્થિતિમાં રૂહાનિયત અને જીસ્માનિયત (શારીરિક્તા)ની વચ્ચે રહેલી છે; અને એ જ કારણ છે કે તેમાં અનોખી અને નિરાળી સ્થિતિઓ પણ હોય છે અને જાણીતી વસ્તુઓ પણ હોય છે. જો સ્વપ્નને જ્ઞાન (ઈલ્મ) અને કર્મ (અમલ) વડે ઘણે ભાગે પ્રગતી–ઉચ્ચતા દેવામાં આવી છે, તો ચોક્કસપણે તે માનવીની રૂહ અને બાતિની જગતની ઓળખનું એક સાધન બની જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો આગળ જતાં સ્વપ્ન રૂહાનીયતની સાથે એક થઈ

---

(૧) ૧૭/૬૦, ૧૨/૪૩, ૩૯/૪૨, ૩૦/૨૩, ૮/૪૩, ૩૭/૧૦૨, ૭/૯૭, ૭૮/૯, ૧૨/૧૦૦, ૧૨/૪૩, ૧૨/૫, ૪૮/૨૭, ૩૭/૧૫.

જાય છે; અને તેમાં એ જ બનાવો (જોવામાં આવે છે) બને છે કે જે સંપૂર્ણ રૂહાનીયતની સ્થિતિમાં બને છે.

સ્વપ્નની સ્થિતિ અને હકીકત એ છે કે તેમાં મનુષ્યની જાહેરી ઇન્દ્રીઓ (જોવું, બોલવું, સ્પર્શવું, સુંઘવું, સાંભળવું વિગેરે) કામ નથી કરતી, જેને લીધે રૂહનો સંબંધ જાહેરી દુનિયાથી પૂરેપૂરો કપાઇ જાય છે; અને તેથી – હવે રૂહ પોતે પોતે જ પોતાના બાતિનની તરફ ધ્યાનમગ્ન થઇ જાય છે અને કેમકે તે પોતાની જાતમાં – પોતાની અંદર જ એક સંપૂર્ણ દુનિયાની સ્થિતિમાં છે, માટે તે સ્વપ્નની સ્થિતિમાં દરેક વસ્તુ પોતાની અંદર જુએ છે. અર્થાત જાગૃત અવસ્થા તેનું નામ છે કે જેમાં આંખ, જીભ, હાથ–પગ, નાક, કાન વડે રૂહ આ ભૌતિક જગતનાં કાર્યોમાં રત (કાર્ય કરતી) રહે છે; અને સ્વપ્ન એ અવસ્થાને કહે છે કે જેમાં આ જાહેરી (શરીરના) ભાગો હંગામી ધોરણે શાંત અને નિશ્ચેત થઇ જાય છે અને તેને કારણે રૂહ ફરાગત અને આઝાદીની સાથે પોતાના આમાલ અને સ્થિતિ (અહેવાલ)નું અવલોકન કરે છે.

(૨) તે (રૂહ) તે વખતે બાતિનની ઇન્દ્રીઓ વડે કાર્ય કરે છે, એટલે કે માણસ સ્વપ્નમાં રૂહાની આંખો વડે જુએ છે, રૂહાનીયતના કાનથી સાંભળે છે અને જે કંઇ પણ કરે છે તે ફક્ત છૂપી શક્તિઓથી કરે છે.

યાદ રહે કે નિદ્રાના દરમિયાન રૂહ શરીરથી સંપૂર્ણપણે અલગ નથી હોતી, બલ્કે એક પ્રકારે બંનેના વચ્ચે સંબંધ કાયમ રહે છે, પણ શરીર અને તેની જાહેરી ઇન્દ્રીઓને એ (સંબંધ)ની કોઇ જાણ નથી હોતી. નિદ્રાની સ્થિતિમાં શરીર કઇ રીતે

બેહોશીમાં–બેધ્યાનપણે રૂહની સાથે જોડાયેલ – સંબંધ ધરાવનાર રહે છે તેના વિષે અમુક સ્પષ્ટ–સાફ દાખલાઓ રજૂ કરવામાં આવે છે. પહેલો દાખલો એ છે કે––

જ્યારે માણસ સ્વપ્નમાં ડરી જાય છે તો તેની અસર ઘણી વાર ચીસ મારવામાં, રાડ પાડવામાં એવી જ કોઇ હલનચલનમાં અથવા પરસેવો આવવાથી જાહેર થાય છે. આનાથી એ સાબિતી મળે છે કે શરીર અજાણ–બેહોશીની હાલતમાં રૂહની સાથે સંબંધ રાખેલો છે. બીજો દાખલો એ છે કે માણસ ત્યાં સ્વપ્નાની દુનિયામાં કોઇથી વાત કરે છે; અને અહીં (સૂતેલી અવસ્થામાં પણ) બડબડાવા લાગે છે. ત્રીજો દાખલો એ છે કે તે ક્યારેક ક્યારેક પોતાના સ્વપ્નાની અસર હેઠળ ઊઠીને ઊભો થઇ જાય છે અને ચાલવા લાગે છે; અને આ બારામાં તો બીજી પણ કેટલીય વાતો છે, પણ તેનો ઉલ્લેખ અહીં જરૂરી નથી.

અમીરૂલ મોમનીન હઝરત મૌલા અલી અલૈહિમુસ્સલામનું ફરમાન છે કે, ત્રણ માણસો એવા છે કે જેના આમાલ–જેનાં કાર્યો કીરામુન, કાતીબીન (મનુષ્યના કૃત્યોની નોંધ રાખનારા બે ફરિશ્તાઓ) નોંધ નથી કરતા. સગીર વયના લોકો, ગાંડા અને સૂતેલાં લોકો. જેનું કારણ એ છે કે તે સ્થિતિના લોકો પાસે અખત્યાર–મરજી નથી. આ વાતથી સ્પષ્ટ થાય છે કે માણસ સ્વપ્નની દુનિયામાં જે કાંઇ પણ કહે છે અને કરે છે તે તેના પોતાના હાથમાં (પોતાની મરજીથી) નથી,

---

(૨) સુરહ ૭૫ આયત ૧૪નો તરજુમો: બલ્કે મનુષ્ય પોતે જ પોતાની હાલતને સારી રીતે જુએ છે (અથવા જોશે).

કેમકે હવે તેની પાસે કોઈ પસંદગી નથી રહી.

અંબિયા અને ઈમામો અલૈહિમુસ્સલામને હક તઆલાએ ઘણા કમાલભર્યા ગુણો અર્પણ કરેલા છે અને ઘણી ખાસ બાબતોથી નવાજેલા છે; અને તેમાંથી એક એ પણ છે કે તેમનાં સ્વપ્નાઓ સાચાં અને નૂરાની પ્રકારનાં હોય છે, એટલે કે તે માનવંત લોકો જ્ઞાન, હિકમત તથા નિખાલસ અને હિદાયતવાળા સ્વપ્નાઓ જુએ છે; અને હકીકી મોમીનોને પણ આવાં સ્વપ્નાઓથી ભાગ આપવામાં આવે છે કે જેથી ઈમાનવાળાઓના માટે માર્ગદર્શનનું સાધન – હિદાયતનો રસ્તો મજબૂત અને કાયમ રહે.

સુરહ ૩૯ની આયાત ૪૨થી સાફ જણાય છે કે નિદ્રાની સ્થિતિ એક પ્રકારની મોત છે. એ માટે જ ફરમાવવામાં આવ્યું છે કે નિદ્રા મોતની બહેન છે. એનો અર્થ એમ થયો કે જે રીતે મરવા પછી આમાલ (કાર્યો)નો હિસાબ-કિતાબ સંપૂર્ણ રીતે લેવામાં આવે છે, એ જ રીતે સ્વપ્નામાં આ શોધખોળ – આ તપાસ થોડા પ્રમાણમાં (થોડા અંશમાં) થાય છે. તેમાં નેકી અને બુરાઈનો બદલો હંમેશના માટે દેવામાં આવે છે; અને આમાં કામચલાઉ રીતે કે જેથી સમજદાર લોકો આ નમૂના ઉપરથી મોત, આખરતનો દિવસ બહેશ્ત અને દોઝખ ઉપર વિશ્વાસ કરે.

અમો પહેલાં જ બતાવી ચૂક્યા છીએ કે" સ્વપ્નાની દુનિયા રૂહાનિયત અને જીસ્માનીયત – શારીરિકની વચ્ચે રહેલી છે; અને અહીં એ પણ જણાવી દઈએ છીએ કે એક રીતે મનુષ્યના માટે ચાર દુનિયાઓ નિયુક્ત કરેલી છે : જાહેરી

ISW
Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

દુનિયા, વિચારોની (કલ્પનાની) દુનિયા, સ્વપ્નાઓની દુનિયા અને રૂહાની દુનિયા; અને તેનો ક્રમ પણ એ જ છે કે સૌથી પહેલાં આ ભૌતિક દુનિયા છે અને સૌથી છેલ્લે રૂહાનીયત; અને રૂહાનીયતનું બીજું નામ આખરત છે.

અહીં એ વાત પણ ઉલ્લેખનીય છે કે માણસની જાગૃત અવસ્થા, સમય તથા સ્થળ – જગ્યામાં મર્યાદિત છે, એટલે કે માણસ જાગૃત અવસ્થામાં જે કામ કરે છે અથવા જે સમય પસાર કરે છે તે ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યકાળ કરતાં બહાર નથી; અને તે કોઇ એક જગ્યા, એક સ્થળમાં શક્ય છે પણ કલ્પના-વિચાર, સ્વપ્ન અને રૂહાનીયત સમય અને સ્થળમાં મર્યાદિત (કેદ કરાયેલાં) નથી, બલ્કે આ ત્રણેય સ્થિતિઓ સ્થળ અને સમય કરતાં વધીને છે અને અમર્યાદિત છે (બંધન મુક્ત છે), એટલે કે કલ્પના અને વિચારમાં જે કંઇ જોવામાં અને મેળવવામાં આવે છે તે ભૌતિક વસ્તુઓના જેવું નથી, એ તો સમય અને સ્થળ વગરની સ્થિતિમાં છે. એ જ પ્રમાણે સ્વપ્ન અને રૂહાનીયતનું પણ છે. કારણ કે સઘળા ઘટ્ટ પદાર્થ નથી સુક્ષ્મ છે (ઘટ્ટ પદાર્થ કે જેને આપણે હાથ અડાડી શકીએ, જેનો અનુભવ કરી શકીએ; અને સુક્ષ્મ તેથી ઉલ્ટું છે). દાખલા તરીકે જ્યારે આપણે પોતાની જગા ઉપર બેઠાં બેઠાં કોઇ અન્ય ઓળખીતા માણસની કલ્પના કરીએ છીએ અને વિચારોના પ્રકાશમાં તેને જોઇ શકીએ છીએ, તો તેનો એવો અર્થ હરગીઝ નથી કે આપણે જાહેરી રીતે મુસાફરી કરીને તે માણસ સુધી તેની પાસે પહોંચી ગયા છીએ; અને ન તો તે પોતાના ઠેકાણેથી ઊઠીને આપણી પાસે આવી ગયો, બલ્કે આ તો

આપણી કલ્પના અને આપણા વિચારોનો એક રૂહાની ચમત્કાર છે કે તેની ઓળખાણની છબી યાદગીરીના રેકોર્ડ (નોંધ થયેલ બાબતો)માંથી કાઢીને સામે રજૂ કરી. આ દાખલાથી એ સચ્ચાઇ પૂરી રીતે સ્પષ્ટ થઇ કે વિચાર, સ્વપ્ન અને રૂહ જેવી બાતિની વસ્તુઓ સમય અને જગાથી વધીને તેથી આગળ છે.

આ વર્ણન ઉપરથી એ હકીકત સ્પષ્ટ થઇ જાય છે કે નિંદરમાં રૂહ ક્યાંય નથી જતી, તે ફક્ત પોતાની હસ્તી, પોતાની જાતના તરફ ધ્યાનમગ્ન થઇ જાય છે; અને પોતાના બાતિનમાં જ સર્વ કાંઇ જોઇ શકે છે. કારણ કે તેમાં દેખાયેલી અને ન દેખાયેલી સર્વે વસ્તુઓ મૌજૂદ છે. દેખાયેલી વસ્તુઓ એ અર્થમાં છે કે દરેક વસ્તુનો એક મગજમાં સમાયેલો અથવા રૂહાની નકશો (રૂપ) મૌજૂદ છે અને ન દેખાયેલી વસ્તુઓ એ સ્વરૂપમાં છે કે રૂહ લોહે મહેફૂઝની નજીક છે અથવા એમ કહેવું જોઇએ કે તે કુદરતનું પ્રતિબિંબ પાડનાર એક અરીસો છે.

હકીકી મોમીન જ્યારે (સિરાતે મુસ્તકીમ) સાચા રસ્તા પર ચાલતાં રૂહાનીયતના પહેલા દરવાજામાં દાખલ થઇ જાય છે, તો તેના માટે એ કામ બિલકુલ સહેલું થઇ જાય છે કે તે ખાસ ઈબાદતના દરમિયાન એક શાંતિમય (કશાયે દખલ વગરની) નિંદ્રા જેવી હાલત (સ્થિતિ) પોતાની ઉપર ઊભી કરીને જાહેરી ઇન્દ્રીયોની દખલને બંધ કરે કે જેથી તે ખુદાના ઝીકર સિવાયની દરેક વસ્તુઓને ભૂલી જાય, એટલે સુધી કે પોતાને-પોતાની હસ્તીને પણ ભૂલાવી બેસે, આવી હિકમત ભરેલી નિંદ્રા ખુદાની એક પ્રકારની રહેમત હોય છે. આનો ઉલ્લેખ કુરાનમાં "નુઆસ" (૮/૧૧, ૩/૧૫૪) અને "સુબાત" (૭૮/૯, ૨૫/૪૭) જેવા

શબ્દોમાં મૌજૂદ છે.

એક સામાન્ય માણસની રૂહ ફક્ત સ્વપ્નાઓ થકી જ જાહેરી અને દુન્યવી ફીકરો અને વિચારોથી આઝાદ અને ફારેગ થઇ શકે છે કે જેથી તે બરાબર રીતે પોતાના બાતિનના તરફ ધ્યાન આપી શકે. જોકે તેમાં પણ (આમાલ) કર્તવ્યનાં પરિણામોની દરમ્યાનગીરી (દખલ) હોય છે, છતાં પણ તે જાગૃત અવસ્થાના પ્રમાણમાં (સ્વપ્નાની અવસ્થામાં) રૂહાનીયતથી વધુ નજીક થઇ શકે છે, એટલા માટે કે તેની તે ઇન્દ્રીયો કે જે જાગૃત અવસ્થામાં કાર્યો કરતી હતી અને રૂહને પોતાની (અસલ સ્થિતિમાં) જાતમાં ડૂબી જવાથી રોકી દેતી હતી, તે હવે નિંદ્રાધીન થઇ ચૂકી છે.

અસલમાં સ્વપ્નાઓની દુનિયા અલ્લાહ તઆલાની ચિત્ર-વિચિત્રતાઓથી ભરપૂર છે. તેમાં જન્નતના (બદલા) ઇનામોના નમૂના પણ છે અને દોઝખનાં (દુઃખ) સજાઓનાં દૃષ્ટાંત પણ, કે જેથી મોમીનો ક્યામતના દિવસની જીંદગી અને કીધેલાં કર્તવ્યોનો બદલો મળવા ઉપર વિશ્વાસ અને ભરોસો રાખે કે શારીરિક રીતે મરી જવા પછી રૂહાની જીંદગી બરહક છે કે જેમાં આ શરીર નહિ હશે; અને જે રીતે આપણે સ્વપ્નમાં પોતાને આ શરીર વગર જીવંત (અનુભવીએ છીએ) જાણીએ છીએ, આપણે જો તેમાં (સ્વપ્નમાં) જોઇએ, સાંભળીએ, બોલીએ, ચાલીએ અને ઘણુંબધું કરીએ છીએ, તો તે આપણા આ શરીરના ભાગોથી નથી કરતા, જોકે આપણી સાવધાની (હોશમાં રહેવાની વૃત્તિ)ની સપાટી અમુક વખતે ઊંચી હોય છે અને અમુક વખતે નીચી; ક્યારેક પ્રકાશ હોય છે અને

ક્યારેક અંધકાર. પણ ગમેતેમ હોય, એ લાગણી અને એ જ્ઞાન–હોશ જરૂર હોય છે કે આપણે એક જીંદગી ધરાવીએ છીએ, જે (આ) જાહેરી જીંદગી કરતાં ખૂબ જ જુદી અને અજબ (વિચિત્ર) છે. નિંદ્રા અને સ્વપ્નના શારીરિક અને રૂહાની પ્રકારે ઘણા હેતુઓ છે અને તેમાંનો એક મોટો હેતુ એ છે કે તેના મારફત રૂહાનીયત અને આખરતના જુદા જુદા અહેવાલો અને અલગ અલગ દરજ્જાઓનાં દ્રષ્ટાંતો રજૂ કરવામાં આવે; અને આ બાબત તે લોકોના સંબંધે છે કે જેમનાં સ્વપ્નાઓમાં ઉચ્ચથી ઉચ્ચ નમૂનાઓ પણ હોય અને નીચીથી નીચી ઉપમાઓ પણ.

જેમકે જણાવવામાં આવ્યું છે કે સ્વપ્નાની દુનિયાને સ્થળ અને સમયનું બંધન નથી. અર્થાત તેમાં જે જગ્યા (સ્થળ) અને સમયની કલ્પના છે તે ભૌતિકતા–જાહેરીપણાથી જુદી અને ઊંચી છે, તે આ શારીરિક જગતના હેઠળ નથી, બલ્કે તે તો સ્થળ અને સમયના ઉપર છવાયેલી છે, એટલા માટે કે તે એક જ સમયમાં ભૂતકાળ અને વર્તમાનકાળ પણ છે અને ભવિષ્યકાળ પણ; અને તે એ માટે કે તે પોતાની હસ્તીમાં આકાશ પણ છે અને ધરતી પણ છે; અને એ જ કારણ છે કે તે આ સઘળા ઝમાનાઓ ઉપર કાબૂ ધરાવે છે. તે એ રીતે કે ક્યારેક તો તેમાં વિતેલા સમય (ભૂતકાળ)ની ઝલક નજરે પડે છે, ક્યારેક હાલ (વર્તમાન)નાં દ્રશ્યો દેખાય છે; અને ક્યારેક ભવિષ્યની છબીઓ સામે આવે છે. એ જ પ્રમાણે આકાશ અને ધરતીનાં સઘળાં સ્થળો સ્વપ્નાની દુનિયાના એકજ બિંદુથી જાહેર થઇ જાય છે; અને એમ થવામાં મહાન હિકમત

છે. તે એ કે સમય અને સ્થળ (ઝમાન અને મકાન)થી જે મુક્ત છે, જેને વખત અને જગ્યાનું બંધન નથી તેની ઓળખાણ થઇ જાય,

જે લોકો રૂહાનીયત અને મા'રફતથી (ખુદાની ઓળખથી) દૂર છે તેઓના માટે સ્વપ્નાઓનું કાંઇ મહત્વ નથી. તેઓ સ્વપ્નાઓના અસંખ્ય ફાયદાઓથી અજાણ છે અને તેઓ તેના ઇશારા પણ નથી સમજતા કે જેમાં આમાલ (કર્તવ્યો)ના સારા-નરસાપણા વિશે બતાવવામાં આવે છે. એથી વિરૂધ્ધ જેઓ ઇમાન ધરાવનારા છે તેમને એ ખાત્રી છે (એ વિશ્વાસ છે) કે સ્વપ્નાઓ અલ્લાહ તઆલાની નિશાનીઓ એટલે કે અલ્લાહના ચમત્કારોમાંથી છે અને તેથી તે મા'રફતની પ્રાપ્તીના સંબંધે એક વ્યવહારુ (અમલી) પુસ્તકની ગરજ સારે છે.

જોકે આરંભમાં, શરૂઆતમાં જાગૃતી, વિચાર, સ્વપ્ન અને રૂહાનીયત અલગ અલગ હોય છે, પરંતુ રૂહાની પ્રગતી પછી માનવીની આ ચારેય અવસ્થાઓ લગભગ એક થઇ જાય છે. તે એ રીતે કે રૂહાનીયત ન ફક્ત સ્વપ્નાઓ અને વિચારો ઉપર કાબૂ ધરાવતી થાય છે, બલ્કે તેની સાથે સાથે જાગૃતી ઉપર પણ દરેક વખતે તે છવાયેલી રહે છે. વિચારોમાં રંગબેરંગી પ્રકાશનું તોફાન, સ્વપ્નાઓમાં રૂહાનીયતની ક્રાંતિ (ઉથલપાથલ) અને જાગૃતીમાં રૂહાની લશ્કરની ચમત્કારો ભરેલી વાતચીત, આ સઘળી નિશાનીઓ એ હકીકતની સાક્ષી પૂરે છે કે ઉપર ઉલ્લેખાયેલી ચાર દુનિયાઓ જોકે એક પ્રકારે જુદી જુદી છે, છતાં બીજા પ્રકારે તે એક જ છે.

કુરાનની હિકમત ભરેલી હિદાયતથી સ્પષ્ટ છે કે સ્વપ્નાઓની વ્યવહારુ (અનુભવ કરેલી) તાવીલ (ઊંડી સમજ) અંબીયા તથા ઈમામો અલૈહિમુસ્સલામ સિવાય કોઇ નથી જાણતું. તે ઉપરાંત તેઓ જ જાણે છે કે જેઓ ખરા અર્થમાં આ લોકો (અંબિયા અને ઈમામો અ.સ.)ની તાબેદારી કરે છે અને તેમને અનુસરે છે, કારણ કે આ મા'રફતનો એક ભાગ છે અને અમલી મા'રફત કે જે રૂહાનીયતના અનુભવોનું પરિણામ છે તે પુસ્તકોમાં નથી આવી શક્તી, કારણ કે તે જીવંત અને હલનચલન કરનારો પ્રકાશ છે. તે ચૈતન (હલનચલન કરનાર) રૂહ અને બોલતી હકીક્ત છે; અને એ માટે કે તે હકીકી (સાચી) જીંદગીનું વહેતું ઝરણું છે. ખુદાનું ફરમાન છે કે તેણે હઝરત યુસુફ અલૈહીસ્સલામને સ્વપ્નાઓ સહીતની સઘળી વાતોની તાવીલ શીખવીને તેમના ઉપર ખૂબ મહાન ઉપકાર કર્યો હતો. હવે જો સ્વપ્નાઓની તાવીલ કોઇ એવી સામાન્ય વસ્તુ હોત કે જે દરેકને આપવામાં આવે, તો ખુદાવંદા તઆલા હઝરત યુસુફ (અ.સ.)ના વિષે ઉપકાર કરવાની વાત ન કરત, કારણ કે જગતનો પાલણહાર – પરવરદિગાર એવી બાબતો કરતાં ખૂબ મહાન છે કે જેમાં તે પોતાના કોઇ પયગમ્બરને એક સામાન્ય અને મામૂલી વસ્તુ આપીને તેના ઉપર ઉપકાર કર્યાની વાત કરે.

હઝરત યુસુફ (અ.સ.)ના દૃષ્ટાંત મારફ્ત સ્વપ્નાઓની મહત્વતા અને તેની તાવીલ – તેના ગૂઢાર્થની મહાનતા અને ગૌરવ વિષે સારી રીતે અનુમાન કરી શકાય છે. સાથે સાથે જ એ પણ જણાઇ આવે છે કે ખુદા પાકે હ. યુસુફ (અ.સ.)ને જે તાવીલ શીખવી હતી તેનું (તાવીલ શીખવવા માટેનું) અન્ય

સાધનો સાથે એક સાધન સ્વપ્ન હતું, એટલે કે તેવાણ સાહેબ બીજાઓના સ્વપ્નાની તાવીલ એ મૂળભૂત સિદ્ધાંતોના પ્રકાશમાં કરતા હતા કે જે (સિદ્ધાંતો) આથી અગાઉ તેવાણને તેમના પોતાના મુબારક સ્વપ્નામાં અમલી અને અનુભવની તાવીલ માટે શીખવવામાં આવ્યા હતા; અને તાવીલ માટે એથી સારી કોઇ રીત ન્હોતી, કોઇ રસ્તો ન્હોતો.

કુરાન પાકમાં ખુદા તઆલાએ આસમાની જ્ઞાનની કલ્પનાને બે વિભાગોમાં રજૂ કરી છે. આ જ્ઞાનની કલ્પનાના પ્રથમ ભાગનું નામ પુસ્તક છે અને બીજા ભાગને હિકમત ક્હેવામાં આવેલ છે કે જે ઉચ્ચ છે – મહાન છે; અને એ પણ યાદ રહે કે જ્યાં પુસ્તકને તન્ઝીલના નામથી ઓળખવામાં આવે છે ત્યાં હિકમતને તાવીલનું નામ આપેલ છે; અને જ્ઞાની લોકો ઉપર એ સત્ય સ્પષ્ટ છે કે કુરાનમાં હિકમતનાં જે રીતે વખાણ અને પ્રશંસા કરવામાં આવ્યાં છે, બિલકુલ એ જ રીતે તાવીલનાં વખાણ અને પ્રસંશા કરવામાં આવ્યાં છે; અને આમ એ વાત સ્પષ્ટ થાય છે કે હિકમત તાવીલ છે અને તાવીલ હિકમત છે; અને તેનું એક બીજું પરિણામ એ નીકળ્યું કે હિકમતનો એક ભાગ સ્વપ્નાઓમાં છુપાયેલો છે, કારણ કે તાવીલ હિકમત છે.

ખુદાની ખુશનુદી – ખુદાનો રાજીપો મળવા માટેની એ એક ખુશખબરી છે કે મહાન તેજસ્વી નૂરાની સ્વપ્નાઓ વડે મોમીનોને હિંમત મળે છે અને મનોહર આનંદદાયક અસરો ઊભી થાય છે. વળી આ અલ્લાહ તઆલાની નારાઝગી (ગુસ્સા)ની ધમકી પણ છે કે ખરાબ સ્વપ્નાઓથી માણસની

હિમત ટૂટી જાય છે; અને તે કેટલાય દિવસો સુધી ઉદાસ રહે છે. આ કુદરતી ઈશારો એવો નથી કે જેને એમજ (મામૂલી સમજીને) ગણકારવામાં ન આવે (જેના તરફ ધ્યાન ન દેવામાં આવે), પરંતુ ખૂબ જ જરૂરી છે કે સારાં સ્વપ્નાઓની ન્યામત માટે ખુદા તઆલાનો વ્યાજબી રીતે આભાર માનવામાં આવે; અને બિહામણાં સ્વપ્નાઓના પરિણામે ગુનાહોની તૌબા કરીને ખુદાથી ધ્યાન લગાવવામાં આવે કે જેથી સ્વપ્ન દ્વારા મળતી ખુદાની આ સીધી હિદાયતનો ફાયદો મળે.

જો સ્વપ્નાઓની ઈલ્મી (જ્ઞાન સંબંધેની) તથા પારખી શકવાની પ્રગતિ પરિપૂર્ણ રૂહાનીયત સુધી થઈ ચૂકી છે, તો તે અદ્દભુત (આશ્ચર્ય પમાડનારા) અનુભવોનું માધ્યમ બની જાય છે, કારણ કે જ્ઞાન અને વ્યવહારુ (ઈલ્મ અને અમલ) વડે તેમાં પ્રગતિની ઘણી વધુ શક્યતા છે, એટલે સુધી કે તેમાં ઘણા મોટા અજબ અને વિચિત્ર બનાવો સામે આવે છે. દાખલા તરીકે અમુક વખતે તેમાંથી અઝલ અને અબદની બારીઓ ખુલી જાય છે અને એમ લાગે છે કે જોકે આપણે અઝલથી પોતાના પ્રવાસ ઉપર નીકળી ચૂક્યા છીએ, પણ જ્યારે આપણે અબદમાં જઈ પહોંચશું તો અચરજ એ વાતનું છે કે આપણે અઝલમાં જ હોઈશું. આ એક ખૂબ જ મોટી ધ્યાન કરવા જેવી બાબત છે.

એ બાબત પણ સ્વપ્નના જગતની વિચિત્રતામાંની એક છે કે ક્યારેક ક્યારેક માણસ પોતાના સ્વપ્નામાં એક બીજું સ્વપ્ન જુએ છે; અને આવું "સ્વપ્નામાં સ્વપ્નું" ખૂબ જ આશ્ચર્ય પમાડનાર વસ્તુ જેવું હોય છે, જેના હિકમત ભરેલા

ઈશારાઓમાં રૂહના વિશાળ ભૂતકાળના તથા ભવિષ્યકાળના અર્થ છૂપાયેલા હોય છે; અને આ અજાયબી ભરેલો બનાવ એ માટે બને છે કે રૂહ સ્વપ્નામાં આલમે અમ્ર એટલે કે અમ્રની દુનિયા (હુકમના જગત)માં ભળી જાય છે (અસલમાં વાસલ થઇ જાય છે), બલ્કે એમ કહી શકાય કે તે જગત (આલમે અમ્ર) પોતે રૂહની અંદર સમાયેલું છે કે જેમાં "કુન ફયકુન" (થઇ જા)ની આજ્ઞા અને તેનો અમલ ચાલે છે. એ જ કારણ છે કે સ્વપ્નામાં બની રહેલા સઘળાં બનાવો કશાય વિલંબ વિના દેખાય છે.

## ઈલાહી ભંડાર

જ્ઞાન અને હિક્મતના માલિક, ખુદાવંદ તઆલાનું મુબારક ફરમાન છે કે, "વ ઇન્મીન શૈઇન ઇલ્લા ઇન્દના ખઝાઇન." (૧૫/૨૧) અર્થ : "અને કોઇ વસ્તુ એવી નથી કે જેના ભરપૂર ભંડાર અમારી પાસે ન હોય." એટલે કે શક્ય એવી દરેક વસ્તુ કે જે (ઈલાહી ઈરાદા) ખુદાની ઈચ્છામાં છે, તે પોતાના અસ્તિત્વ અને પોતાની હસ્તીના સઘળાં કારણો તથા જરૂરતના સઘળા ભાગોના ભંડારો ખુદાની પાસે છે કે જેથી ખુદાના હુકમ વડે આ આ દરેક શક્ય વસ્તુઓ તેનાં કારણો (જરૂરત) તથા ભાગોના પૂરતા પુરવઠા સહિત હસ્તીમાં આવી છે.

અહીં એક મહત્ત્વનો સવાલ "ઇન્દના"ના સંબંધે ઊભો થાય છે, તે એ છે કે ખુદા તઆલાની ("અન્દીયત") નજદીકી (તેના નજીક હોવું તેની પાસે હોવું) તેનાથી શું હેતુ નીકળે

છે ? જ્યારે કે તેની કુદરત – તેની શક્તિના કબ્જાથી કોઇ વસ્તુ ખાલી નથી, એટલે કે કોઇ વસ્તુ એવી નથી કે જેના ઉપર તેની કુદરતનો કબ્જો નહોય. કેમકે તે એક પ્રકારે જો હોવા અને ન હોવાપણાથી મુક્ત છે, તો બીજી રીતે તે દરેક ઠેકાણે હાજર છે.

આનો જવાબ એ છે કે ખુદાની હસ્તી હોવા અને ન હોવાની સ્થિતિથી મુક્ત અને ઉપરવટ પણ છે, તેમ છતાં તે દરેક ઠેકાણે રહેલો છે અને તેની સાથે સાથે તેનું કોઇ એક ખાસ ઠેકાણું પણ છે; અને તે છે રૂહાનીયતનું ઠેકાણું; કે જે તેની "અન્દીયત" તેની નજદીકી છે અને ઇલાહી ભંડારો રૂહાનીયતમાં છે અને રૂહાનીયતનો સંબંધ બંદાઓથી છે; અને આમ ખુદાના ભંડાર બંદાઓ છે કે જેમાં દરેક વસ્તુ મોજૂદ છે.

પવિત્ર કુરાનમાં ખુદાની પાસે, નજદિક અને 'અન્દીયત'ના અર્થમાં જેટલા પણ શબ્દો આવેલા છે તે સઘળાઓનો હેતુ સર્વેના અર્થ રૂહાનીયત અને નૂરાનીયત છે; અને તે ખાસ ઉચ્ચ દરજ્જાવાળા મનુષ્યોના માટે છે; અને ખુદાના ભંડારો પણ માનવીઓમાંથી એ જ માનવંત લોકો છે કે જેમને જગતના પાલણહાર ખુદાએ પોતાના બંદાઓમાંથી પસંદ કરેલા કહ્યા છે. અર્થાત અંબિયા અને ઇમામો અલેહીમુસ્સલામ તથા હકીકી મોમીનો કે જેઓ ઇલાહી ભંડારોની હેસિયત ધરાવે છે.

અગર જો મોમીન બંદો પયગમ્બર (અ.સ.) અને ઇમામો (અ.સ.)ને લીધે (પયગમ્બર અને ઇમામોના કારણે) ઇલાહી ભંડાર ન હોત તો તેનું પોતાની હસ્તી, (પોતાની

જાત)ની ઓળખાણની તરફ ધ્યાન દોરવામાં ન આવતે; અને આ ફરમાન પણ ન થયું હોત કે, "જેણે પોતાની રૂહને ઓળખી લીધી, (ખાત્રીપૂર્વક) ચોક્કસપણે તેણે પોતાના રબ્બને (ખુદાને) ઓળખી લીધો." આ પરથી એ હકીકત સ્પષ્ટ છે કે હકીકી મોમીન ઇલાહી ભંડારોમાંથી છે, તે રૂહની રજકણોનો ખજાનો છે અને તે રજકણોમાં સર્વ કાંઇ છે, માટે જ સઘળી (જાહેરી) ભૌતિક વસ્તુઓની રૂહો હોતી હોય છે કે જે રજકણોના સ્વરૂપમાં હોય છે.

અલ્લાહ તઆલાની આયાત (નીશાનીઓ) અગર જો (કાયનાતમાં) બ્રહ્માંડમાં વિખેરાયેલી છે, તો ઇન્સાની નફસ (મનુષ્યના હૃદય)માં એ આયાતો એકઠી મળેલી (એક તરફ ભેગી કરેલી) છે : ૪૧/૫૩. એનો અર્થ એમ થયો કે દરેક વસ્તુ ભૌતિક રીતે આ જગત – આ બ્રહ્માંડમાં જાહેર છે અને રૂહાનીયતમાં માનવીની અંદર છૂપાયેલી છે, એ જ રીતે તે પોતાના બાતિનમાં બન્ને દુનિયા ખરીદ કરી લેવા માટેની મહાન (થાપણ) મૂડી અને ભંડાર ધરાવે છે અથવા બીજી રીતે એમ કહેવું જોઇએ કે તે પોતે બંને દુનિયા (આ જાહેરી જગત અને આખરત)નો ખુલાસો અને રૂહાની સ્વરૂપ છે અથવા એવો ચમત્કારીક (મોઅજીઝાવાળો) જ્ઞાની (આલીમ) છે કે જેની અંદર સુક્ષ્મ સ્વરૂપે દુનિયા પણ છે અને આખરત પણ છે.

એ કેટલું અગત્યનું ફરમાન છે કે જેમાં ફરમાવવામાં આવ્યું છે કે શરીયતનું બાતિન તરીકત છે, તરીકતનું બાતિન હકીકત છે; અને હકીકતનું બાતિન મા'રફત છે. એટલે કે

મા'રફત સર્વસ્વ છે, એ માટે કે તેમાં દરેક વસ્તુની રૂહ અને મૂલ્ય મૌજૂદ છે. મા'રફત (ઈન્સાની) મનુષ્યની જાત સિવાય ક્યાંય નથી. આ ઉપરથી એ જણાય છે કે મનુષ્ય ઈલાહી ભંડાર છે.

કુરાનની કેળવણીના મુજબ અલ્લાહ તઆલાએ મનુષ્યને (બની આદમને) સઘળી મખ્લુકાત ઉપર કરામત અને મોટાઇ આપી છે (૧૭/૭૦). એનો અર્થ એમ થયો કે ખુદાના કાયદા – ખુદાના સિદ્ધાંતની દૃષ્ટિમાં આ જગત – આ બ્રહ્માંડ અને તેમાં મૌજૂદ રહેલી દરેક વસ્તુઓની કિંમત – તેનું મૂલ્ય છે; અને તે કિંમતના પ્રમાણમાં મનુષ્ય ઘણો જ વધીને છે.

મૌલા અલી સલ્વાતુલ્લાહ અલૈહીનું ફરમાન છે કે, "શું તું એમ સમજે છે કે તું એક નાનકડું શરીર છે, જોકે તારી અંદર એક મોટું જગત સમાયેલું છે." અર્થાત પૂરું બ્રહ્માંડ – સર્વ જગત સુક્ષ્મ રૂહાની સ્વરૂપમાં તારા બાતિનમાં છુપાયેલું છે. હવે આનાથી એ સ્પષ્ટ થયું કે મોમીનો ઈલાહી ભંડાર છે; અને એ હકીકત એવી છે કે તેને ઊંડાણપૂર્વક સમજવાની અને તેને અમલમાં લાવવાની સખત જરૂરત છે.

★